RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 160* Date: 31.03.2023, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# મહારાષ્ટ્રના સંભાજીનગર અને જલગાંવમાં બે જૂથ વચ્ચે અથડામણ

**મસ્જિદની બહાર સંગીત વગાડવાને લઈ વિવાદ પોલીસના વાહનો સળગાવાયા, વડોદરામાં ફતેપુરા પાસે જૂથ અથડામણ**




મુંબઈ,તા.૩૦

મહારાષ્ટ્રના સંભાજીનગર બાદ જલગાંવમાંથી પણ બે જૂથ વચ્ચે અથડામણના સમાચાર સામે આવ્યા છે. એક જ સમયે મસ્જિદમાં નમાઝ દરમિયાન બહાર મ્યુઝિક વગાડવાના કારણે થયેલી અથડામણમાં ૪ લોકો ઘાયલ પણ થયા હતા. સમગ્ર ઘટનાને લઈ પોલીસ વિભાગ ઘટના સ્થળ પર પહોંચી મામલો થાળે પાળ્યો હતો. પોલસ કાર્યવાહીના ભાગરૂપે આ ઘટનામાં ૪૫ જેટલા લોકોની ધરપકડ પણ કરી હતી.

મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની સાથે જ જલગાંવ જિલ્લામાં પણ બે સમુદાયો વચ્ચે અથડામણ થઈ હતી. નમાઝ દરમિયાન મસ્જીદની બહાર સંગીત વગાડવાને કારણે મસ્જિદમાં આ સંગીતનો અવાજ વધી ગયો હતો. આ મામલામાં અત્યાર સુધીમાં ૪ લોકો ઘાયલ થયા છે. પોલીસે બે એફઆઈઆર નોંધી છે. મહત્વનું છે કે આ ઘટનામાં ૪૫ લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે. પોલીસ આ બાબતને લઈ ઘટના સ્થળે પહોંચતા પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો હતો.

આ ઘટના ૨૮ માર્ચે જલગાંવમાં બની હતી. જલગાંવ ઉપરાંત છત્રપતિ સંભાજીનગરમાં પણ રાત્રે બે વાગ્યાની આસપાસ બે જૂથો વચ્ચે અથડામણ થઈ હતી. કિરાડપુરા વિસ્તારમાં બેકાબુ ટોળાએ પોલીસના વાહનો સહિત અનેક ખાનગી વાહનોને પણ સળગાવી દીધા હતા. કેટલાક વિસ્તારોમાં પથ્થરમારો થયો હતો. એકઠા થયેલા બેકાબુ ટોળાને કાબૂમાં લેવા માટે પોલીસે ગોળીબાર કરવો પડ્યો અને ટીયર ગેસનો ઉપયોગ પણ કરવો પડ્યો હતો.

રામનવમીના તહેવાર દરમિયાન કિરાડપુરામાં રામ મંદિર પાસે કેટલાક યુવકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ પછી પથ્થરમારો શરૂ થયો. વાત વધીને તોડફોડ અને આગચંપી સુધી પહોંચી અને પોલીસનું વાહન પણ સળગાવી દેવામાં આવ્યું. આ દરમિયાન પોલીસે મામલો શાંત પાડવા માટે ફાયરિંગ અને ટીયર ગેસના સેલ છોડવા પડ્યા હતા.

લાંબી જહેમત બાદ પોલીસને પરિસ્થિતિ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી. પોલીસ કમિશનર નિખિલ ગુપ્તાએ લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવાની અપીલ કરી છે. સાથે જણાવ્યું હતું કે શહેરમાં હાલ શાંતિ છે. પોલીસે કિરાડપુરા વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત પણ વધારી દીધો છે. સાથે સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. જનતાને ધીરજ અને શાંતિ જાળવવા માટે આહવાન કરવામાં આવ્યું છે.આ ઘટના સ્થળના દરેક ખૂણે-ખૂણે પોલીસ દળ પણ તૈનાત કરી દેવમાં આવ્યું છે. પોલીસ કમિશનરે ખાતરી આપી છે કે ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં.

આ મામલે ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે.

તેમણે કહ્યું, કોઈએ વિક્ષેપ ઉભો કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. પોલીસ પોતાનું કામ કરી રહી છે. આ દરમિયાન વિસ્તારના સાંસદ અને એમઆઈએમ નેતા ઈમ્તિયાઝ જલીલે પણ લોકોને શાંતિ જાળવવાની અપીલ કરી છે. તેણે એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે હું હાલમાં રામ મંદિરમાં ઉભો છું. અહીં કોઈ ભૂલ કરવામાં આવી નથી. મંદિરમાં થોડી હલચલ છે. જો કોઈ અફવા ફેલાવે છે, તો તેના પર ધ્યાન ન આપો. મંદિરની બહાર કેટલાક વાહનોને નુકસાન થયું છે પરંતુ મંદિરમાં કોઈ ગરબડ કરવામાં આવી નથી. હું દરેકને હાથ જોડીને વિનંતી કરું છું કે તેઓ કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપે.

ઠાકરે જૂથના નેતા અને વિધાન પરિષદમાં વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવેએ તણાવ માટે એમઆઈએમના સાંસદ ઈમ્તિયાઝ જલીલને જવાબદાર ઠેરવ્યા હતા. ઠાકરે જૂથના નેતા ચંદ્રકાંત ખૈરેએ કહ્યું કે આ ઈમ્તિયાઝ જલીલ અને ભાજપની મિલીભગતથી થયું છે. જ્યારથી ઈમ્તિયાઝ જલીલ સાંસદ બન્યા છે ત્યારથી અહીં અશાંતિ વધી છે. જ્યારે સંજય રાઉતે તેને શિંદે-ફડણવીસ સરકારની સંપૂર્ણ નિષ્ફળતા ગણાવી છે. તેમણે પૂછ્યું છે કે રાજ્યમાં ગૃહમંત્રી છે કે નહીં?

જ્યારે મહારાષ્ટ્રના સંભાજી નગરમાં બુધવારે મોડી રાત્રે એક મંદિરની બહાર બે જૂથ વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. બાદમાં આ હંગામો એટલો વધી ગયો કે બંને તરફથી મારામારી અને પથ્થરમારો શરૂ થઈ ગયો. આ ઘટનામાં અડધા ડઝનથી વધુ લોકો ઘાયલ થયાના અહેવાલ છે.માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચી હળવો બળપ્રયોગ કરીને બંને પક્ષના લોકોને વિખેરવા અને શાંતિ જાળવી રાખી હતી.

આ ઘટના મોડી રાત્રે ૧૨.૩૦ વાગ્યે સંભાજી નગરના કિરાડપુરા મંદિરની બહાર બની હતી.

દરમિયાન ગુજરાતના વડોદરાના ફતેપુરા ગવડોદરાના ફતેપુરા ગરનાળા પોલીસ ચોકી પાસે થઈ જૂથ અથડામણ થવાની ઘટના સામે આવી છે. રામનવમી નિમિત્તે નીકળેલી શોભાયાત્રામાં પથ્થરમારો થયો હોવાનો આક્ષેપ થયો છે.

જો કે એડિશનર પોલીસ કમિશનરે દ્વારા શોભાયાત્રા પર પથ્થરમારાની ઘટનાના આક્ષેપોને ફગાવી દેવામાં આવ્યા છે. સિનિયર પોલીસ અધિકારીઓનો કાફલો અહીં પહોંચી રહ્યો છે.

## પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર એકાઉન્ટ પર ભારતે રોક લગાવી

નવીદિલ્હી,તા.૩૦

પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર એકાઉન્ટ પર ભારતે રોક લગાવી છે. જ્યારે કોઈ પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટને એક્સેસ કરવાનો પ્રયત્ન કરે છે તો લખીને આવે છે કે પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર લીગલ ડીમાન્ડના રિસ્પોન્સ બાદ ભારતમાં રોક છે. અત્રે જણાવવાનું કે આવું ત્રીજીવાર થયું છે જ્યારે પાકિસ્તાનના ટ્વિટર એકાઉન્ટ પર ભારતમાં રોક લગાવવામાં આવી છે. આ અગાઉ વર્ષ ૨૦૨૨ના ઓક્ટોબર મહિનામાં પણ પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર રોક લગાવવામાં આવી હતી. તે પહેલા ગત વર્ષ જુલાઈમાં પાકિસ્તાન સરકારના ટ્વિટર એકાઉન્ટ પર રોક લાગી હતી. જો કે ત્યારબાદ તેને રિએક્ટિવેટ પણ કરાયું હતું અને ટ્વિટર એકાઉન્ટ વિઝિબલ થવા લાગ્યું હતું.

જો કે ભારતીય અધિકારીઓએ પાકિસ્તાન સરકારના અધિકૃત ટ્વિટર હેન્ડલ વિરુદ્ધ આ પગલું કેમ ભર્યું તે વિશે જાણકારી મળી શકી નથી. પણ ટ્વિટર ગાઈડલાન્સ મુજબ માઈક્રોબ્લોગિંગ સાઈટ કોર્ટના આદેશ જેવી કાયદેસર લીગલ ડિમાન્ડના રિપ્લાયમાં આવી કાર્યવાહી કરે છે. હાલ પાકિસ્તાન સરકારનું ટ્વિટર ફીડને ભારતીય યૂઝર્સ જોઈ શકતા નથી.

ગત વર્ષ ઓગસ્ટમાં ભારતે ૮ યુટ્યૂબ બેસ્ડ ન્યૂઝ ચેનલ્સ, જેમાંથી એક પાકિસ્તાનથી સંચાલિત હતી અને ૧ ફેસબુક એકાઉન્ટને ફેક તથા ભારત વિરોધી કન્ટેન્ટ બદલ બ્લોક કર્યા હતા. આ ઉપરાંત ગત વર્ષ જૂનમાં ટ્વિટરે ભારતમાં સંયુક્ત રાષ્ટ્રના પાકિસ્તાની દૂતાવાસના અધિકૃત ખાતાઓ ઉપર પણ પ્રતિબંધ લગાવ્યા હતા.

સૂચના અને પ્રસારણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી રૂલ્સ ૨૦૨૧ હેઠળ ઈમરજન્સી પાવર્સનો ઉપયોગ કરીને આ કાર્યવાહી કરાઈ છે. બ્લોક કરાયેલા ઈન્ડિયન યુટ્યૂબ ચેનલ્સ પર ફેક, સનસનીખેજ થંબનેલ, ન્યૂઝ ચેનલના એંકરોની તસવીરો અને કઈક ટીવી સમાચાર ચેનલોના લોકો વાપરવા બદલ કાર્યવાહી થઈ હતી.

## યુપીએ સરકાર સમયે સીબીઆઈ પર મારા પર દબાણ કરવામાં આવ્યું હતું: અમિત શાહ

નવીદિલ્હી,તા.૩૦

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકાર સમયે કેન્દ્રીય તપાસ બ્યૂરો (સીબીઆઇ) એ ગુજરાતમાં એક કથિત ફેક એક્રાઉન્ટર મામલે પ્રધાનમંત્રી મોદી (તે સમયે ગુજરાતના મુખ્યમંત્રી) ને ફસાવવા માટે તેમના પર 'દબાણ' નાખ્યું હતું. એક ટીવી ઈન્ટરવ્યુ દરમિયાન અમિત શાહે આ ખુલાસા કર્યા. અમિત શાહને વિપક્ષના એ આરોપો અંગે સવાલ કરાયો હતો જેમાં કહેવાઈ રહ્યું છે કે સીબીઆઈ અને ઈડીનો દુરઉપયોગ કરીને વિપક્ષી નેતાઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું કે સીબીઆઈ કોંગ્રેસ સરકાર દરમિયાન કથિત ફેક એક્રાઉન્ટર મામલે મોદીજી (જ્યારે તે સમયે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા)ને ફસાવવા માટે મારા પર દબાણી નાખી રહી હતી. તેમણે કહ્યું કે આમ છતાં ભારતીય જનતા પાર્ટી (બીજેપી)એ ક્યારેય હંગામો કર્યો નથી. સૂરતની એક કોર્ટ દ્વારા માનહાનિ મામલે રાહુલ ગાંધીને દોષિત ઠેરવવા પર ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ નેતા એકલા એવા વ્યક્તિ નથી જેમને કોર્ટે દોષિત ઠેરવ્યા છે અને જેમણે લોકસભાની સદસ્યતા ગુમાવી છે. તેમણે કહ્યું કે હાઈકોર્ટમાં જવાની જગ્યાએ તેઓ હો-હા કરી રહ્યા છે અને પોતાના ભાગ્ય માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને દોષ આપી રહ્યા છે.

અમિત શાહે કહ્યું કે રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી પર દોષનો ટોપલો ઢોળવાની જગ્યાએ પોતાની જાતને દોષિત ઠેરવવા સામે લડવા માટે ઉપરી કોર્ટમાં જવું જોઈએ.

## રાહુલ ગાંધીના મામલામાં ન્યાયિક સ્વતંત્રતા અને મૌલિક લોકતાંત્રીત સિદ્ધાતોના માનકો લાગુ થવા જોઈએ.: જર્મની

નવીદિલ્હી,તા.૩૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની લોકસભાની સદસ્યતા સમાપ્ત થયા બાદ સમગ્ર દેશમાં હોબાળો મચી ગયો છે. તે જ સમયે, અન્ય દેશોમાંથી પણ પ્રતિક્રિયાઓ આવી રહી છે.

યુએસ પછી, જર્મનીએ કહ્યું કે, માનહાનીના એક કેસમાં લોકસભામાં અયોગ્ય ઠેરવ્યા બાદ વિપક્ષી નેતા રાહુલ ગાંધીના મામલામાં ન્યાયિક સ્વતંત્રતા અને મૌલિક લોકતાંત્રીત સિદ્ધાતોના માનકો લાગુ થવા જોઈએ.

જર્મન વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, અમારી માહિતી મુજબ રાહુલ ગાંધી આ નિર્ણય સામે અપીલ કરવાની સ્થિતિમાં છે.

આ પછી તે સ્પષ્ટ થશે કે આ નિર્ણયને યથાવત રાખવામાં આવશે કે કેમ અને તેના આદેશને સસ્પેન્ડ કરવાનો કોઈ આધાર છે કે કેમ.

રિપોર્ટથી પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રવક્તાએ કહ્યું કે અમે અપેક્ષા રાખીએ છીએ કે ન્યાયિક સ્વતંત્રતાના ધોરણો અને મૂળભૂત લોકતાંત્રિક સિદ્ધાંતો રાહુલ ગાંધી સામેની કાર્યવાહીમાં સમાન રીતે લાગુ થશે.

રાહુલ ગાંધીના મામલામાં જર્મની કે અન્ય કોઈ યુરોપિયન દેશની આ પહેલી પ્રતિક્રિયા હતી. ભારતીય અધીકારીઓ તરફથી હાલ કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

વાસ્તવમાં, કેરળના વાયનાડના સંસદસભ્ય ગાંધીને સુરતની અદાલતે મોદી અટક પર નિવેદન આપવા બદલ માનહાનિના કેસમાં દોષી ઠેરવ્યા હતા, જેમાં બે વર્ષની સજા બાદ તેમને લોકસભામાંથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. તેમણે આ નિવેદન ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાન કર્ણાટકમાં એક જાહેર સભા દરમિયાન આપ્યું હતું. જણાવી દઈએ કે રાહુલ ગાંધી હાલ જામીન પર બહાર છે.

જર્મની પહેલા યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી પ્રવક્તા વેદાંત પટેલે કહ્યું હતું કે, અમેરિકા ભારતીય કોર્ટમાં રાહુલ ગાંધીના કેસ પર નજર રાખી રહ્યું છે.

જ્યારે પ્રેસ કોન્ફરન્સમાં પૂછવામાં આવ્યું કે શું રાહુલ ગાંધીની સંસદમાંથી હકાલપટ્ટી લોકશાહી મૂલ્યો સાથે સુસંગત છે, ત્યારે વેદાંત પટેલે જવાબ આપ્યો કે કાયદાના શાસન અને ન્યાયિક સ્વતંત્રતા પ્રત્યે આદર એ કોઈપણ લોકશાહીના પાયાના પથ્થરો છે.

## ઓછામાં ઓછું રાહુલ ગાંધી વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે : લલિત મોદી

નવીદિલ્હી,તા.૩૦

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ભાગેડુ લલિત મોદી પર સતત પ્રહારો કરી રહ્યા છે. તેમને ભાગેડુ ગણાવીને કેન્દ્ર સરકાર પર સવાલ ઉઠાવી રહ્યા છે. હવે લલિત મોદીએ રાહુલ ગાંધીના નિવેદન પર પલટવાર કર્યો છે. તેણે કહ્યું કે, તે રાહુલ વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જશે. તેને મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ જાહેર કરવામાં આવ્યો છે, પરંતુ તેણે પોતાના ટ્વિટમાં કહ્યું કે, તેને દોષિત ઠેરવવામાં આવ્યો નથી અને તે દેશનો સામાન્ય નાગરિક છે.

'મોદી સરનેમ'ના નિવેદન પર સુરતની કોર્ટે રાહુલ ગાંધીને દોષિત ઠેરવ્યા હતા અને તેથી તેમણે સંસદનું સભ્યપદ ગુમાવ્યું હતું. લલિત મોદીએ કોંગ્રેસના નેતાઓને ભાગેડુ ગણાવતા સવાલ ઉઠાવતા કહ્યું કે, તેઓ કેમ અને કેવી રીતે ભાગેડુ છે? તેણે રાહુલને 'પપ્પુ' કહ્યો અને પૂછ્યું કે આખરે તેને ક્યારે દોષિત ઠેરવવામાં આવ્યો? તેમણે કહ્યું કે, એક અને અન્ય વિપક્ષી નેતાઓને બીજું કંઈ કરવાનું નથી, કાં તો તેમની પાસે ખોટી માહિતી છે અથવા તેઓ બદલાની ભાવનાથી બોલે છે.

લલિત મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે તેમણે ઓછામાં ઓછું રાહુલ ગાંધી વિરુદ્ધ બ્રિટિશ કોર્ટમાં જવાનું નક્કી કર્યું છે. તેમણે રાહુલ ગાંધીને નક્કર પુરાવાઓ સાથે આવવા કહ્યું અને હું તેમને (રાહુલ ગાંધી) પોતાને મૂર્ખ બનાવતા જોવાની રાહ જોઈ રહ્યો છું. લલિત મોદીએ પોતાના ટ્વીટમાં હેશટેગ સાથે કોંગ્રેસના નેતાઓ આરકે ધવન, સીતારામ કેસરી, મોતીલાલ વોહરા, સતીશ ચરણનું નામ લીધું અને તેમની પર વિદેશમાં સંપત્તિ હોવાનો આરોપ લગાવ્યો હતો.

લલિત મોદીએ કહ્યું કે, તેઓ બધા ગાંધી પરિવારના છે. નારાયણ દત્ત તિવારીને પણ ભૂલવા ન જોઈએ. તેણે પૂછ્યું, 'તમારા બધા પાસે વિદેશી સંપત્તિ કેવી રીતે છે? કમલનાથને પૂછો હું સાબિતી પણ મોકલી શકું છું. લલિત મોદીએ કહ્યું કે તેઓ પુરાવા માટે સરનામું અને ફોટા પણ મોકલી શકે છે, અને વધુમાં કહ્યું કે ભારતની જનતાને મૂર્ખ બનાવશો નહીં કે જે અસલી ગુનેગાર છેપ ગાંધી પરિવાર માને છે કે તે જ હકદાર માલિક છે.

## સનાતન ધર્મને કોઈ પ્રમાણપત્રની જરૂર નથી. તે ગઈકાલે હતો, આજે છે અને આવતીકાલે રહેશે. : મોહન ભાગવત

નવીદિલ્હી,તા.૩૦

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે કહ્યું કે સનાતન અનાદિ કાળથી અસ્તિત્વમાં છે અને ભવિષ્યમાં પણ અસ્તિત્વમાં રહેશે. તે સમયની કસોટી પર ઊભો રહ્યો છે. આ માટે કોઈ પ્રમાણપત્રની જરૂર નથી. સંઘ પ્રમુખ બુધવારે હરિદ્વારમાં આયોજિત નિવૃત્તિ દીક્ષા કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. તેમણે કહ્યું કે સંન્યાસીઓને સંબોધિત કરતી વખતે તમે ભગવો ધારણ કરીને સનાતનની પ્રતિષ્ઠા વધારવાની પ્રતિજ્ઞા લઈ રહ્યા છો. તેમણે કહ્યું કે સનાતન ધર્મની શરૂઆત આદીકાળથી જ થઈ ગઈ હતી. આજે પણ સનાતન ધર્મ છે અને કાલે પણ સનાતન ધર્મ રહશે.સન્યાસીઓને આચાર અને વિચારોનું મહત્વ સમજાવતા તેમણે કહ્યું કે આપણે આપણા આચાર અને વિચારો દ્વારા લોકોને સનાતનનો અર્થ અને મહત્વ સમજાવવાનું છે. તેમણે ઉકાળાનું ઉદાહરણ આપ્યું હતુ અને કહ્યું હતુ કે કહેવાય છે કે કોરોના કાળ પહેલા લોકો ઉકાળાની મજાક ઉડાવતા હતા, પરંતુ કોરોના કાળમાં કુદરતે તેનું મહત્વ સમજાવ્યું હતું. સંઘના વડા મોહન ભાગવતે ઋષિગ્રામમાં પતંજલિ સંન્યાસ ઉત્સવના આઠમા દિવસે ચતુર્વેદ પારાયણ યજ્ઞ કર્યો હતો.

આ પ્રસંગે પતંજલિ યોગપીઠના સંસ્થાપક સ્વામી રામદેવ પણ હાજર હતા. તેમણે કહ્યું કે આઝાદીના ૭૫ વર્ષ બાદ પતંજલિ મહર્ષિ દયાનંદ, સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીના સપનાઓને સાકાર કરવા માટે કામ કરી રહી છે. સ્વદેશી શિક્ષણ પ્રણાલીનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે દેશને આઝાદી મળ્યાને આટલા વર્ષો થઈ ગયા છે, પરંતુ આપણી પાસે આપણી પોતાની શિક્ષણ અને તબીબી વ્યવસ્થા નથી. તેથી જ ગુલામીના સંસ્કારો અને પ્રતીકોનો અંત લાવવાનો ઠરાવ કરવો પડશે. તેમણે કહ્યું કે માત્ર સન્યાસી જ આ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે.કહેવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે આ કાર્યક્રમમાં પહોંચશે. ગૃહમંત્રીની હાજરીમાં રામનવમીના અવસર પર બાબા રામદેવ અહીં ૧૫૦ યુવાનોને દીક્ષા આપીને 'પ્રતિષ્ઠા સંન્યાસ'ની શરૂઆત કરશે.

## તંત્રી સ્થાનેથી...

# ભારતીય રાજનીતિમાં અનુચિત ભાષાનું વધતું ચલણ

*વર્તમાન સમયમાં વિશ્વના મોટાભાગના દેશો ભારત તરફ આશાભરી મીટ માંડી રહ્યા છે. તેનું કારણ માત્ર અર્થવ્યવસ્થા પૂરતું સીમિત નથી. વૈશ્વિક સ્તર પર ભારતથી જ એ અપેક્ષા સેવવામાં આવી રહી છે કે તે યુક્રેન-રશિયાનું યુદ્‌ઘ અટકાવી શકશે. જો કે તેની સાથે સાથે એક ચિંતાજનક સ્થિતિ પણ બની રહી છે અને તે છે દેશની રાજનીતિ અને રાજકીય દળો વચ્ચે સંવાદ, સહયોગ અને સંવેદનાની અનુપસ્થિતિ.*

*જેઓ સત્તામાં રહી ચૂકયા છે તેઓને પુનઃ ત્યાં પહોંચવાની ઉતાવળ છે પરંતુ તેના માટે યોગ્ય પ્રયાસો કરવાના બદલે નિરાશા અને હતાશા જ વ્યકત કરી રહ્યા છે. મહાત્મા ગાંધીના આ દેશમાં પોતાને તેઓના ઉત્તરાધિકારી ઘોષિત કરનાર નેતા જયારે સત્તામાં આવ્યા ત્યારે આ તથ્યને જ વિસરી ગયા અને ગાંધી મૂલ્યોથી અંતર કરી દીધું. જનસેવાના સ્થાન પર પોતે અને પોતાના પરિવારની સેવા સુધી સીમિત થઈ ગયા. ત્યારબાદ આ પરંપરા બની હોય તેમ તેમની પેઢીઓ પણ આ જ માર્ગ આગળ વધવા લાગી.*

*આ એકમાર્ગીય નીતિના કારણે અનેક પરિવારો રાજનીતિમાં ઉભર્યા અને તેઓએ સત્તા સ્થાને પહોંચીને અખૂટ ધનસંગ્રહ કર્યુ. જેઓની પછીની પેઢીએ તે શાનોશૌકત અને રાજકીય તાકાત જોઈ અને સત્તામાં પહોંચવાનો પોતાનો જન્મસિદ્ઘ અધિકાર હોવાનું પણ માની લીધું. વ્યકિતગત ભૌતિક સંગ્રહની સાથે લોકસેવા ન થઈ શકે અને આ અવસ્થામાં અહંકારને વધતો કોઈ રોકી ન શકે. આવી સ્થિતિમાં જીવનમાં શાલીનતા અને જનતા પ્રત્યે ઉત્તરદાયિત્વનો બોધપાઠ સ્વાર્થના બોજ તળે દબાઈ જાય છે. ભારતના મોટાભાગના રાજકીય દળો આ પ્રકારની જાળમાં ફસાઈ ચૂકયા છે.*

*જો કે કેટલાક નેતાઓ અને તેઓના સંતાનોની ભાષાગત અશાલિનતા જ તેઓની સત્તાપ્રાપ્તિ માટેની લાલસાને પ્રદર્શિત કરે છે. આ મામલે તાજેતરનું ઉદાહરણ રાહુલ ગાંધી છે. જેઓને સુરતની કોર્ટે એક સમુદાય વિરુદ્ઘ અનુચિત ભાષા પ્રયોગ કરવા બદલ દોષિત માન્યા અને સજા સંભળાવી. પરિણામ સ્વરુપ સંસદની સદસ્યતાથી રાહુલ ગાંધીને હાથ ધોવા પડયા. આ ઘટનાના વિરોધમાં કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળો એકસૂરે આગળ આવ્યા છે પણ તેઓના મનમાં રહેલ અન્ય બાબતને સમજવી કદાચ સામાન્ય જન માટે પણ કઠીન નથી.*

*આજે દેશમાં મોટાભાગના દળો અને રાજનેતાઓનું લ-ય કોઈને કોઈ પ્રકારે સત્તામાં પહોંચવા સુધી સીમિત બની ગયું છે. તેઓએ એ સમજવું પડશે કે સત્તામાં પહોંચીને જનસેવા કરવી એ એકમાત્ર વિકલ્પ નથી. છેલ્લા લગભગ નવ વર્ષોથી જનતા દ્વારા સત્તાથી દૂર કરાયેલ કોંગ્રેસ પાર્ટી સર્વવિદિત કારણોના લીધે પોતાને જનતા સાથે જોડી શકી નથી. તે એક સક્ષમ વિકલ્પ બનવાની દિશામાં પણ આગળ વધી શકી નથી. દેશમાં એક એવો પણ વર્ગ છે જે કોંગ્રેસને સશકત વિકલ્પના રુપે જોવા ઈચ્છે છે.લોકશાહીમાં નાગરિકોને પોતાના વિચાર અનુસારના સત્તા પક્ષની સાથોસાથ સજાગ, સક્રિય અને સતર્ક વિપક્ષની ઉપસ્થિતિ હોય તેવી ઈચ્છા હોય છે. મોટાભાગના પ્રજાજનો પણ ઈચ્છે કે સત્તા પક્ષ અને વિપક્ષ, બંને ગાંધી મૂલ્યોને અનુસરે. સત્તા મેળવવા માટે અતિ ઉત્સુક છે તેવા રાજકીય દળોને પણ ભૂલ સુધાર અને માર્ગ પરિવર્તનના સૂત્રો ગાંધીજીના વિચારોના અધ્યયન અને સમજથી જ મળી શકશે. અભદ્ર ભાષા કોઈપણ સંદર્ભમાં સ્વીકાર્ય હોતી નથી. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે ગાંધીજીના દેશમાં તેઓનું જ નામ ધરીને સત્તામાં પહોંચેલા પૈકી કેટલાક લોકસેવકોએ ન ફકત ગાંધીજીને ભૂલાવી દીધા પરંતુ તેમના સિદ્ઘાંતોને પણ તિલાંજલિ આપી દીધી છે. દિલ્હી અને પંજાબમાં તો ગાંધીજીનું ચિત્ર પણ સરકારી કાર્યાલયોમાંથી હટાવી દેવાયું છે. સત્તામાં છળ-બળથી પહોંચી તો શકાય છે પરંતુ જનમાનસને સમજીને લોકોના હૃદયમાં સ્થાન મેળવવું એ સૌના હાથની વાત નથી.*

## એસજીપીસીએ ફરાર અમૃતપાલ પર કહ્યું કે શીખોને બદનામ કરવાનું ષડયંત્ર, પંજાબનું વાતાવરણ સરકાર બગાડી રહી છે

અમૃતસર,તા.૩૦

અમૃતપાલ સિંહ છેલ્લા ૧૫ દિવસથી ફરાર છે. એવી અપેક્ષા હતી કે તે અકાલ તખ્ત સામે આત્મસમર્પણ કરી શકે છે, પરંતુ એવું થયું નહીં. ઉલટાનું તેની પાસેથી એક વીડિયો જાહેર કરીને પોલીસનું ટેન્શન વધુ વધાર્યું હતું. હવે આ મામલે શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિના મહાસચિવનું નિવેદન સામે આવ્યું છે.

સમિતિના મહાસચિવ ભાઈ ગુરચરણ સિંહ ગ્રેવાલે કહ્યું છે કે અમૃતપાલ સિંહ ક્યાં આત્મસમર્પણ કરે છે અને કેવી રીતે કરે છે તે તેમની પોતાની વિચારસરણી છે. સરબત ખાલસા અંગે અમૃતપાલ જે કહે છે તે તેમનો પોતાનો અભિપ્રાય છે, પરંતુ તેના અંગેનો નિર્ણય માત્ર જથેદાર સાહેબ જ લઈ શકે છે.


ગુરચરણ સિંહ ગ્રેવાલે રાજ્યની માનનીય સરકાર પર પણ પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે માન અને કેજરીવાલ સરકાર દ્વારા શીખોને બદનામ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. પંજાબનું વાતાવરણ બગાડવા માટે અહીંની સરકાર જ જવાબદાર છે. આ સરકાર અમૃતપાલ અને તેના સહયોગીઓને સંભાળવામાં સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે.

અહીં અમૃતપાલ સિંહનો આખો પરિવાર ગાયબ થઈ ગયો છે. જલ્લુપુર ખેડામાં અમૃતપાલ સિંહના ઘરનું તાળું તૂટેલું છે. અમૃતપાલના માતા-પિતા અને પત્ની બુધવારથી ઘરેથી ગુમ હોવાનું કહેવાય છે. સૂત્રોનું માનીએ તો પોલીસે તેમને તેમની દેખરેખ હેઠળ રાખ્યા છે. આસપાસના લોકોને પણ ખબર નથી કે અમૃતપાલ સિંહનો પરિવાર ક્યાં છે.

અમૃતપાલ સિંહનો પરિવાર બુધવારે અકાલ તખ્ત સાહિબ ખાતે જતેદારને મળવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરિવારને આશા હતી કે જો અમૃતપાલ અકાલ તખ્ત સાહિબ પર આત્મસમર્પણ કરશે તો તેઓ તેની એક ઝલક મેળવી શકશે. આથી પરિવાર ત્યાં પહોંચવાનો પ્રયાસ કરી રહ્યો હતો.

# વલ્લભ વેદાંત દર્શન-૧

લેખનઃ ભરત સાંગાણી



જગતના બધાં આચાર્યો પરમાત્માની વિભૂતિઓ હોઈ છે અને તેમણે પરમાત્માની આજ્ઞા પ્રમાણે વિશ્વમાં કાર્ય કરવાનું હોય છે.

સર્વ જીવોને ભગવાન પ્રતિ વાળવા, એમની જોડે સંબંધ કરાવવો અને શાસ્ત્રોનું યથાર્થ અવલોકન કરીને તેને લોકોની સમક્ષ લઈ જવું એ શ્રીવલ્લભચાર્યજીના પ્રાગટયનું કારણ છે.

શ્રીવલ્લભચાર્યજીના પહેલાંના આચાર્યો ખાસ કરીને શંકરાચાર્ય વેદ-બ્રહ્મસૂત્ર-ગીતાને પ્રસ્થાનત્રયીના રૂપમાં સ્વીકારે છે અને તેના ઉપર પોતાના ભાષ્યની રચના કરી છે. તેમની વિચારધારા ‘કેવલાદ્વૈતવાદ‘ તરીકે જાણીતી છે. શ્રીરામનુજાચાર્ય અને અન્ય આચાર્યોએ પણ તેમની વિચારધારાઓ રજૂ કરી છે- ‘વિશિષ્ટાદ્વૈતવાદ‘, ‘દ્વૈતવાદ‘ વગેરેને પ્રતિપાદિત કર્યા છે.

શ્રીવલ્લભચાર્યજી પ્રતિપાદિત વાદ શુદ્ધાદ્વૈતવાદ છે.

વલ્લભ વેદાંતને શુદ્ધાદ્વૈત વેદાંત પણ કહેવામાં આવે છે. તેમાં ચાર પ્રમાણો સ્વીકારવામાં આવ્યાં છે.૧. વેદ, ૨. ગીતા, ૩. બ્રહ્મસુત્રો અને ૪. ભાગવત.

આ ચાર પ્રમાણ પર શ્રીવલ્લભચાર્યજીએ પોતાના તત્વદર્શનની ઈમારત ચણી છે. બ્રહ્મસુત્રો ઉપનિષદનું સવિસ્તાર ભાષ્ય છે જયારે ભાગવત એ ગીતાનું સવિસ્તાર ભાષ્ય છે.

શ્રીવલ્લભચાર્યજીના ત્રણ ગ્રંથો અણુભાષ્ય, તત્વદીપનિબંધ અને સુબોધિનીમાં બ્રહ્મસુત્રો અને ગીતાનો નિચોડ તથા ભાગવતના ગુઢાર્થને સ્પષ્ટ કર્યા છે. જૈમિની રચિત વેદનો પૂર્વકાંડ યજ્ઞાત્મક-કર્મ સ્વરૂપનું પ્રતિપાદન કરે છે. તે ઉપરથી તેમણે જૈમીની સૂત્ર ભાષ્યની પણ રચના કરી છે. અને સમગ્ર વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એ શુદ્ધાદ્વૈત વેદાંતનું મૂળ છે.

શ્રીવલ્લભચાર્યજીના મતે જગત એ પરમાત્માની આત્મસૃષ્ટિ છે. જગત ક્રિયા છે, જીવો નટ છે અને ભગવાન નટવર સર્જક-દિગ્દર્શક છે.

બ્રહ્મનું આધિભૌતિક સ્વરૂપ જગત છે, આધ્યાત્મિક સ્વરૂપ અક્ષરબ્રહ્મ છે, આધિદૈવિક સ્વરૂપ બ્રહ્મનું સાકાર સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણનું સ્વરૂપ છે. આ શ્રીવલ્લભચાર્યજીનું ચિંતન છે. તેમણે ભગવાનને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ પ્રેમલક્ષણા ભક્તિ-પુષ્ટિભક્તિનો માર્ગ દર્શાવ્યો છે. આ માર્ગમાં ભગવાનનો અનુગ્રહ જ નિયામક છે. ભગવાન ભક્ત પાસે આવે ત્યાં કાળ વગેરે પદાર્થો બાધા અથવા નિયમન કરી શકતાં નથી. બ્રહ્મસંબંધ દ્વારા ભગવાન મહાપ્રભુજીની કાનીથી જીવનો સ્વીકાર કરે છે, પછી ભક્ત અને ભગવાન વચ્ચે જે સંબંધ થાય છે તેમાં મહાપ્રભુજી વચ્ચે નથી આવતાં. જીવ વાગ્દત્તા છે ભગવાન વર અને મહાપ્રભુજી ગોર સંબંધ બાંધી આપનાર છે. જીવ પોતાનું સર્વસ્વનું સમર્પણ ભગવાનને કરે છે. દાસોઅહમ.

જીવમાં અહંતા અને મમતા એટલે કે ‘હું પણું‘ અને ‘મારાં પણું‘ રહેલું હોઈ છે ત્યાં સુધી સંસાર રહે છે, ત્યાં સુધી તે તેમાં ડૂબેલો રહે છે. બ્રહ્મસંબંધ દ્વારા જીવ પોતાની અહંતા મમતા પ્રભુલક્ષી બનાવે છે. પ્રભુસેવામાં ચિત્ત પરોવે છે. શ્રીકૃષ્ણઃ શરણં મમ ‘ભગવાન કૃષ્ણ જ મારું શરણ છે‘ તે તેનો ઉદ્દેશ છે.

શ્રીવલ્લભચાર્યજીના સિદ્ધાંતો અને તેમનું તત્ત્વ દર્શન દુનિયાનાં અન્ય દર્શનોથી વિલક્ષણ અને વિશિષ્ટ છે.

તેઓ શબ્દને પ્રમાણ માને છે. શબ્દો એટલે શાસ્ત્રમાં નિરૂપવામાં આવેલ કથન.

ગીતાજીમાં શ્રીકૃષ્ણ કહે છે(અ.-૧૬-શ્લોક-૨૩,૨૪)

જે મનુષ્ય શાસ્ત્રના આદેશોને છોડી મરજી મુજબ કર્મ કરે છે તે સિદ્ધિ, સુખ કે પરમગતિ પામતો નથી. તેથી શું કરવું અને શું ન કરવું એનો નિર્ણય કરવામાં તારે માટે શાસ્ત્ર જ પ્રમાણભૂત છે.એટલા માટે શાસ્ત્રનાં વિધાન જાણીને તારે કર્મ કરવું તે જ યોગ્ય છે.

તેથી શાસ્ત્રો વિષે આપણે પ્રથમ વિહંગાવલોકન કરીએ, ને પ્રમાણભૂતતા શાસ્ત્રોની જાણકારી મેળવીએ.

શાસન કરે તે શાસ્ત્ર. શાસ્ત્રનું શાસન મનુષ્ય માટે છે. શાસ્ત્રોએ લૌકિક તેમજ પારલૌકિક બધી બાબતો માટે આપણને નિયમો આપ્યા છે, જીવન જીવવાની દિશા આપી છે.

શાસ્ત્રો ત્રણ પ્રકારે ઉપદેશ કરે છે:

૧. રાજાની જેમ આજ્ઞા કરે- વેદ વગેરે. જેમાં બાંધછોડ ન કરી શકાય.

૨. મિત્રની જેમ સમજાવે- પુરાણ વગેરે. જેમાં બાંધછોડનો સંભવ પણ ખરો.

૩. પ્રિયાની જેમ સમજાવે- કાવ્ય વગેરે. તેમાં બાંધછોડ સંભવે.

ભારતીય પરંપરા અનુસાર ચૌદ વિદ્યાને શાસ્ત્રરૂપ મનાય છે.

પુરાણ, ન્યાય, મીમાંસા, ધર્મશાસ્ત્ર, છ વેદાંગ અને ચાર વેદ, મળીને વિદ્યા (જ્ઞાન) અને ધર્મ (કર્મ)નાં સ્થાન ચૌદ છે.

વેદ- ભારતીય સંસ્કૃતિનો મૂળભૂત ગ્રંથ તે વેદ છે. આ જ્ઞાન સનાતન છે, ચિરંતન છે. તેને અપૌરૂષેય કહેવાય છે. કારણ કે તે કોઈ વ્યક્તિ-પુરુષ દ્વારા રચાયેલ નથી. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વ વેદ.

વેદના બે ભાગ છે : ૧. પૂર્વકાંડ જેને કર્મકાંડ પણ કહે છે. ૨. ઉત્તરકાંડ જેને જ્ઞાનકાંડ પણ કહે છે.

પ્રત્યેક વેદનાં ચાર ભાગ હોઈ છે.

૧.મંત્ર, ૨. બ્રાહ્મણ, ૩. આરણ્યક અને ૪. ઉપનિષદ.

મંત્ર અથવા સંહિતામાં મુખ્યત્વે સ્તોત્ર, પ્રાર્થના, યજ્ઞવિધિ માટેના મંત્રો વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

બ્રાહ્મણ વિભાગમાં યજ્ઞોપયોગી વિચાર-વિધાન-કથાનકો હોઈ છે. પ્રત્યેક બ્રાહ્મણમાં પોતાનું આરણ્યક છે.

આરણ્યક વિભાગમાં અરણ્યમાં જઈને ઋષિઓએ કરેલા ચિંતન વગેરેનો સમાવેશ થાય છે.

ઉપનિષદ વેદનો અંતિમ ભાગ છે, તેથી તેને ★‘વેદાંત‘★ પણ કહેવામાં આવે છે. અંત એટલે આખરી, નિચોડ અથવા નિષ્કર્ષ. વેદોના સારરૂપ આ વિભાગ છે.

પરમતત્વની નજીક સારી રીતે કહેવામાં આવે તે ઉપનિષદ.

ઉપનિષદો સંવાદરૂપે આલેખાયેલા છે. તેને ધર્મશાસ્ત્ર પણ કહેવામાં આવે છે.

વેદાંગઃ વેદોના છ અંગ છે જેને વેદાંગ કહેવાય છે.

૧.શિક્ષાઃ શબ્દોચ્ચારની શુદ્ધતા વગેરે પ્રક્રિયાઓ-ધ્વનિ વિજ્ઞાન.

૨.કલ્પઃ યજ્ઞોપયોગિ પ્રતિપાદનનું શાસ્ત્ર.

૩. વ્યાકરણઃ પાણિની રચિત શબ્દ-ધાતુ વ્યુત્પત્તિ વગેરે દ્વારા વેદોનો અર્થ સમજાવવાનું શાસ્ત્ર.

૪. નિરૂક્તઃ વૈદિક શબ્દકોશ નિર્વચન વ્યુત્પત્તિ દર્શન, ભાષાવિજ્ઞાન .

૫. છંદઃ પિંગલાચાર્ય રચિત છંદશાસ્ત્રની કાવ્ય રચનમાં અક્ષર, માત્રા, પરિમાણ, યજ્ઞાનુષ્ઠાનમાં ઉપીયોગી શાસ્ત્ર.

૬. જ્યોતિષઃ ગર્ગાચાર્ય રચિત યજ્ઞોપયોગિ કાલ નીર્ધાર, ગ્રહ વગેરેની ગતિ અને તેની અસરો જાણવાનું શાસ્ત્ર.

સામાન્યતઃ વેદ-રક્ષા માટે વેદાંગ રચાયેલ છે. તેનાથી શબ્દ-રક્ષા, અર્થરક્ષા તેમજ અનુષ્ઠાન રક્ષા થાય છે. શિક્ષા અને છંદથી શબ્દસ્વરૂપની રક્ષા થાય છે. નિરૂક્ત અને વ્યાકરણથી અર્થરક્ષા થાય છે. જ્યોતિષ અને કલ્પથી અનુષ્ઠાન રક્ષા થાય છે. રક્ષા એટલે યથાર્થ સમજણ-સાચવણી-જાળવણી.

શ્રુતિ-સ્મૃતિઃ

શ્રુતિ એટલે સાંભળેલું. શ્રુતિ પરમાત્માની વાણી છે-વેદ.

સ્મૃતિ એટલે સ્મરણમાં હોઈ તે કહેવું- સ્મરણશક્તિના આધારે જે ઋષિઓએ રચનાઓ કરી તેને સ્મૃતિ કહેવાય છે.

ભગવદ ગીતા પણ સ્મૃતિરૂપ ગણાય છે.

સામાન્ય રીતે વેદોનો અધિકાર યજ્ઞોપવિત ધારણ કરી શકનારને જ હોઈ છે એટલે કે બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્યને. સ્ત્રીઓ અને શુદ્રોને વેદ વાંચનનો અધિકાર નથી. તેથી વેદ વ્યાસે પુરાણોની રચના કરી.

પુરાણ એ વેદનાં કર્મ જ્ઞાન ભક્તિનાં પાસાઓને ઐતિહાસિક ઘટનાઓ દ્વારા તેની લોકભોગ્ય રજુઆતથી સરળતાપૂર્વક સામાન્ય જન માણસને સમજાવી શકતું શાસ્ત્ર છે. પૌરાણિક કથાઓના માધ્યમથી અશિક્ષિત લોકો, સ્ત્રી, શુદ્રો પણ વેદ ધર્મને યથાર્થ રૂપે સમજી શકે છે.

મુખ્ય પુરાણ અઢાર છે. તેમાં છ સાત્ત્વિક વિષ્ણુના સમર્થક છે, છ રાજસિક બ્રહ્માના સમર્થક છે અને છ તામસિક શિવના સમર્થક છે.

સ્મૃતિ અને પુરાણોની વિગતોમાં વિરોધાભાસ જણાય તો સ્મૃતિનું (ગીતા) વિધાન પ્રમાણરૂપ મનાય છે. તદાનુસાર શ્રુતિ(વેદ) નિર્દિષ્ટ વિગતો જો સ્મૃતિઓમાં ખંડિત થતી હોય તો શ્રુતિ વાકયને જ પ્રમાણભૂત માનવું જોયએ. આ ચકાસવાની પદ્ધતિ છે.

ચાર મુખ્ય વેદોમાંથી ચાર ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યા છે, જેમાં માનવ જીવનની વિવિધ આવશ્યક બાબતોને આવરી લેવામાં આવી છે, તેને ચાર ઉપવેદ પણ કહેવાય છે.

૧.આયુર્વેદઃ શરીર સ્વાસ્થ્ય, તેનું મૂળ ઋગ્વેદમાં છે.

૨. ધનુર્વેદઃ શરીર રક્ષા, તેનું મૂળ યજુર્વેદમાં છે.

૩.ગાંધર્વવેદઃ વેદનું જ્ઞાન, સંગીત, પ્રસન્નતા, તેનું મૂળ સામવેદમાં છે

૪.સ્થાપત્યવેદઃ યજ્ઞનાં સાધનો, નિર્માણ વ્યવસ્થા, તેનું મૂળ અથર્વવેદમાં છે.

ન્યાયશાસ્ત્રઃ

વેદવાક્યોના અર્થોનું નિર્ણય કરતું શાસ્ત્ર. ન્યાય એટલે વેદ અનુકૂલ તર્ક મીમાંસા અથવા નીતિશાસ્ત્ર. જડ-ચેતનરૂપ જગતની જે પદાર્થોમાંથી રચના થઈ છે તે પદાર્થો અથવા વસ્તુઓના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન મેળવવું આવશ્યક છે.

મીમાંસાઃ

મીમાંસા એટલે વિચાર. બધાં આસ્તિક દર્શનો વેદ આધારિત છે. તેના બે કાંડ પૂર્વકાંડ અને ઉત્તરકાંડ તેને સમજાવતા બે શાસ્ત્રો એટલે પૂર્વમીમાંસા-કર્મમીમાંસા જૈમીની દ્વારા રચિત છે જે જૈમીની સૂત્રો તરીકે ઓળખાય છે.

ઉત્તરમીમાંસા-જ્ઞાન-બ્રહ્મમીમાંસાના રચયિતા સ્વયં વ્યાસજી છે. તેમણે રચેલા સૂત્રો બ્રહ્મસુત્રો તરીકે ઓળખાય છે.

ઉપરોક્ત અઢાર વિદ્યાઓ ઉપરાંત ‘આગમ‘ પણ શાસ્ત્રરૂપ છે.

પંચમુખ શંકરના મુખમાંથી આવેલું પાર્વતીજીને મુખમાં(કાન)માં ગયેલું. વાસુદેવને સંમત તેને આગમ કહેવાય છે. તે પ્રાયઃ તંત્રરૂપ ગણાય છે. તંત્ર વેદ સંમત છે. આગમમાં શૈવ વૈષ્ણવ શાક્ત તંત્રો સમાવિષ્ટ છે.

ઈતિહાસ-પુરાણને ‘પંચમવેદરૂપ‘ ગણવામાં આવે છે.

આ સામાન્ય જ્ઞાનની રૂપરેખા જાણ્યા પછી આ શાસ્ત્રો જે ભારતીય દર્શન- તત્ત્વજ્ઞાન-ફિલોસોફી સમજવા અધિકૃત છે તે દ્વારા તત્વજ્ઞાનની ભૂમિકા વિસ્તારથી જોઈશું.

ક્રમશઃ

લેખનઃભરત સાંગાણી.

# એપ્રિલ મહિનામાં બેંકો કુલ ૧૫ દિવસ બંધ રહેશે,શનિવાર અને રવિવારની રજાઓ પણ સામેલ

મુંબઈ,તા.૩૦

એપ્રિલ મહિનો શરૂ થવાનો છે. આ મહિનાની સાથે જ નવું નાણાકીય વર્ષ શરૂ થશે. નાણાકીય દષ્ટિકોણથી એપ્રિલ મહિનો ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે અને જો તમારે બેંક સંબંધિત કોઈ મહત્વપૂર્ણ કામ કરવું હોય, તો જાણો આ મહિનામાં બેંકો કેટલા દિવસ બંધ રહેશે. રિઝર્વ બેંક દ્વારા જારી કરવામાં આવેલી યાદી અનુસાર એપ્રિલ મહિનામાં બેંકો કુલ ૧૫ દિવસ બંધ રહેશે. તેમાં શનિવાર અને રવિવારની રજાઓ પણ સામેલ છે.

રિઝર્વ બેંક દ્વારા જારી કરાયેલી રજાઓની યાદી અનુસાર એપ્રિલ મહિનામાં અનેક તહેવારો અને જયંતી આવશે. જેના કારણે સરકારી, ખાનગી અને સહકારી બેંકો ૧૫ દિવસ સુધી બંધ રહેશે. સાલાના ક્લોઝીંગને કારણે એપ્રિલની પહેલી તારીખે બેંકો ગ્રાહકો માટે બંધ રહેશે. આ ઉપરાંત મહાવીર જયંતિ, ગુડ ફ્રાઈડે, આંબેડકર જયંતી જેવા અનેક તહેવારોના કારણે બેંકમાં રજા રહેશે. જો તમારે પણ એપ્રિલ મહિનામાં કોઈ મહત્વપૂર્ણ કામ પાર પાડવાનું હોય તો બેંકની રજાઓનું લિસ્ટ ચોક્કસ તપાસો.

**એપ્રિલ ૨૦૨૩માં કયા દિવસે બેંકો રહેશે બંધ**

૧ એપ્રિલ, ૨૦૨૩- વાર્ષિક ક્લોઝીંગને કારણે આઈઝોલ, શિલોંગ, શિમલા અને ચંદીગઢ સિવાય દેશભરની બેંકોમાં રજા રહેશે.

૨ એપ્રિલ, ૨૦૨૩ - રવિવારની રજા.

૪ એપ્રિલ, ૨૦૨૩- મહાવીર જયંતિના કારણે અમદાવાદ, આઈઝોલ, બેલાપુર, બેંગલુરુ, ભોપાલ, ચંદીગઢ, રાયપુર, ચેન્નાઈ, જયપુર, કાનપુર, કોલકાતા, લખનૌ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હીમાં બેંકોમાં રજા રહેશે.

૫ એપ્રિલ, ૨૦૨૩- બાબુ જગજીવન રામની જન્મજયંતિના કારણે હૈદરાબાદમાં બેંકમાં રજા રહેશે.

૭ એપ્રિલ ૨૦૨૩- ગુડ ફ્રાઈડેના કારણે અગરતલા, અમદાવાદ, ગુવાહાટી, જયપુર, જમ્મુ, શિમલા અને શ્રીનગર સિવાય સમગ્ર દેશમાં બેંકો બંધ રહેશે.

૮ એપ્રિલ, ૨૦૨૩ - બીજા શનિવારની રજા

૯ એપ્રિલ, ૨૦૨૩ - રવિવારની રજા.

૧૪ એપ્રિલ, ૨૦૨૩- ડૉ. બાબાસાહેબ આંબેડકરના કારણે આઈઝોલ, ભોપાલ, નવી દિલ્હી, રાયપુર, શિલોંગ અને શિમલા સિવાય દેશભરની બેંકોમાં રજા રહેશે.

૧૫ એપ્રિલ, ૨૦૨૩- વિશુ, બોહાગ બિહુ, હિમાચલ દિવસ, બંગાળી નવા વર્ષને કારણે, અગરતલા, ગુવાહાટી, કોચી, કોલકાતા, શિમલા અને તિરુવનંતપુરમમાં બેંકો બંધ રહેશે.

૧૬ એપ્રિલ, ૨૦૨૩ - રવિવારની રજા.

૧૮ એપ્રિલ, ૨૦૨૩ - જમ્મુ અને શ્રીનગરમાં શબ-એ-કદરના કારણે બેંક રજા

૨૧ એપ્રિલ, ૨૦૨૩- ઈદ-ઉલ-ફિત્રના કારણે અગરતલા, જમ્મુ, કોચી, શ્રીનગર અને તિરુવનંતપુરમની બેંકોમાં રજા રહેશે.

૨૨ એપ્રિલ, ૨૦૨૩- ઈદ અને ચોથા શનિવારને કારણે ઘણી જગ્યાએ બેંકો બંધ રહેશે.

૨૩ એપ્રિલ, ૨૦૨૩ - રવિવારની રજા.

૩૦ એપ્રિલ, ૨૦૨૩ - રવિવારની રજા.

રામ નવમીના કારણે ઘણા શહેરોમાં બેંકો બંધ રહી હતી

ભારતમાં રામ નવમીનો તહેવાર ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આજે, રામ નવમીના અવસર પર, માર્ચ ૨૦૨૩ ના રોજ, ઘણા શહેરોમાં બેંકો બંધ રહેશે. અમદાવાદ, બેલાપુર, ભોપાલ, ભુવનેશ્વર, ચંદીગઢ, દેહરાદૂન, ગંગટોક, હૈદરાબાદ, જયપુર, કાનપુર, લખનૌ, મુંબઈ, નાગપુર, પટના, બેંગલુરુ, ચેન્નાઈ, ગુવાહાટી, ઈમ્ફાલ, જમ્મુ, કોચી, નવી દિલ્હી, રાંચી, શિમલા, અગરતલા, બેંકો આઈઝોલ અને કોલકાતામાં બંધ રહેશે.

# આપણા માતાપિતા ઉંમરલાયક થાય એટલે એમનું ધ્યાન કોણ રાખે?એમની કાળજી કોણ લે?

તમે જવાબ આપશો કે દીકરો અથવા કહશો દીકરી જી ના સાહેબ તમે ખોટા છો.માતાપિતાનો અસલી સહારો છે વહુરાની.

આપણે ત્યાં આપનું સામાન્યપણે એવી માન્યતા છે કે એક દીકરો કે દીકરી હોય તો ઢળતી ઉંમરે માતાપિતાનો સહારો બને

એ તો તમે બધા જાણો જ છો કે દીકરો ઘરમાં વહુ લાવે છે.વહુ આવ્યા પછી દીકરો ઘરની લગભગ બધી જ જવાબદારી પોતાની પત્નીના ખભા પર નાખીને બિન્દાસ થઈ જાય છે

પછી વહુરાની સાચા અર્થમાં વડીલ સાસુ સસરાનો સહારો બની જાય છે

તમે જોશો બરાબર નિરીક્ષણ કરજોઆપણા માતાપિતાની ખરા અર્થમાં સાચા અર્થમાં દિલથી સેવા વહુરાની જ કરે છે.હાજી વહુરાની જ હોય છે જે પોતાના વડીલ સાસુ સસરાની સેવા કરી એ લોકોનો સહારો બને છે

એક ઘરની ગૃહલક્ષ્મીને ઘરની સવારથી રાત સુધીની બધી દીનચર્યા ખબર હોય છે કોન ક્યારે કેવી ચાહ પીવે છે? કોના માટે કેવી રસોઈ જમવાનું બનાવવાનું છે? રાતે સાસુ સસરા માટે ૯ વાગ્યા પહેલા જમવાનું બનાવી દેવાનું છે કોઈ દિવસ સાસુ કે સસરા બીમાર પડી જાય તો વહુરાણી પુરા દિલથી સાસુ સસરાની સેવા ચાકરી કરે છે

કોઈ દિવસ વહુરાણી કોઈ કારણસર આમતેમ થાય તો ઘરનું બધુ જ કામકાજ વાસણપાણી સાફસફાઈ રસોઈ બધું જ આમતેમ થઈ જાય છે કોઈ દિવસ ઘરનો દીકરો બે ચાર દિવસ બહારગામ જાય તો વહુરાણી ઘર બરાબર ચલાવી લે છે.

વહુ વગર સાસુ સસરાને ઘરમાં ગમતું નથી દીકરાને ખબર જ હોતી નથી કે માતાપિતા સવારે નાસ્તામાં શુ લે છે ? ચાહ કેવી પીવે છે? ચાહ કેટલા વાગે પીવે છે? બપોરે શુ જમે છે? સાંજે કેટલા વાગે ચાહ પીવે છે? રાતે ભોજનમાં શુ લે છે?

દીકરો માત્ર પત્નીને સવાલો જ કરે છે જેમ કે માતાપિતાએ જમી લીધું? નાસ્તો કરી લીધો? કોઈ દિવસ દીકરો એમ પુછતો નથી કે મવતાપિતા શુ જમે છે? કેવી ચાહ પીવે છે? દવા કેટલા વાગે લે છે?કઈ દીકરાને ખબર હોતી નથી.

વહુરાણી ખરેખર સાસુ સસરાની દિલથી સેવા કરે છે દેખરેખ રાખે છે કાળજી લે છે

દીકરીની તારીફ કરો પણ વહુરાણી માટે બે મીઠા શબ્દો જરૂર બોલો.મારી વહુ મારી દીકરી જ છે એમ કહો

અબ્બાસભાઈ કૌકાવાલા

સુરત

## લોકપ્રતિનિધિત્વ કાયદાની આ જોગવાઈ અત્યંત આકરી હોવાથી ધ્યાન રાખવું જરૂરી : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૩૦

સાંસદ અને ધારાસભ્યને બે વર્ષ કે તેનાથી વધુ સજા થતા જ સભ્ય પદ ગુમાવવાની જોગવાઈ અત્યંત આકરી છે એટલા માટે કોર્ટ દ્વારા લોકપ્રતિનિધિઓને કોઈપણ મામલે સજા સંભળાવતી વખતે સાવચેતી રાખવામાં આવે. એક રિપોર્ટ અનુસાર સુપ્રીમકોર્ટે એક મામલે સુનાવણી હાથ ધરતાં આ ટિપ્પણી કરી હતી.

તાજેતરમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા થયા બાદ તેમનું સભ્યપદ છીનવી લેવાયું હતું. આ મામલાને જોતા કોર્ટની આ ટિપ્પણી મહત્ત્વપૂર્ણ મનાઈ રહી છે.

જસ્ટિસ કે.એમ.જોસેફ અને જસ્ટિસ બી.વી.નાગરત્નાની કોર્ટે લક્ષદ્વીપના સાંસદ મોહમ્મદ ફૈઝલ અને કેન્દ્રશાસિત પ્રદેશ તરફથી દાખલ અરજીઓ પર સુનાવણી કરતા આ ટિપ્પણી કરી હતી.

સુનાવણી દરમિયાન એડિશનલ સોલિસીટર જનરલ કે.એમ.નટરાજે કહ્યું કે લોકપ્રતિનિધિત્વ કાયદાની કલમ ૮(૩) અનુસાર કોઈ સાંસદ અથવા ધારાસભ્યને બે કે તેનાથી વધારે વર્ષની સજા થાય છે તો તેનું સભ્યપદ રદ થઈ જાય છે. તેના પર જસ્ટિસ જોસેફે કહ્યું કે પણ આ જોગવાઈ અત્યંત આકરી છે એટલા માટે કોર્ટ દ્વારા સજા સંભળાવતી વખતે અત્યંત સાવચેતી રાખવામાં આવે.

NEWS OF GANDHINAGAR_P-2




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No :122
વિષય :ઘરડે ઘડપણની બીક
શીર્ષક : અસ્તાચળ
શબ્દો : ૩૪૬

લેખકનું નામ : કાજલ શાહ 'કાજ'
શીર્ષક :- અસ્તાચળ
પ્રકાર :- લઘુકથા

વાર્ધક્યમાં રાચી રહેલા ઈશ્વરલાલ અને ઈશ્વરીબેન, લગ્ન જીવનની ગોલ્ડન જુબલી મનાવી રહ્યાં હતાં. લગ્નજીવનનો વન પ્રવેશ થઈ ચુક્યો હતો. બે બેડરૂમનું ઘર પણ ઘરમાં બે જ જણ. ઘરમાં ખોળો ખૂંદનારની કમી હતી પણ બંનેએ એકબીજાને એ ખોટ ક્યારેય સાલવા નહોતી દીધી. બંને પતિપત્ની ક્યારેક ક્યારેક બાળક બની જતા અને આમ જ હસતાં ખેલતા લગ્નજીવનનાં પચાસ વર્ષ પૂર્ણ કર્યાં હતાં. બંને આજે રોજની જેમ સવારે ચા પીવા સંગાથે બેઠા.

"હવે હાશકારો થયો નઈ?ચા મળી અને શરીરમાં થોડી હૂંફ લાગી." ચા નો ઘૂંટડો ભરતા ઈશ્વરી બેન બોલ્યાં.

"અરે મારી વહાલી ઈશ્વરી, આ તો તારી જોડે બેસીને ચા પીવાની હૂંફ છે. બાકી આવી ઠંડીમાં એકાદ કપ ચામાં આંખો દિ' કઈ થોડી નીકળે!" ઈશ્વરીબેન શરમાઈ ગયાં.

"ઉંમર તો જુઓ, કો'ક સાંભળે તો શું કહેશે?"

"તે કહેવાં દે ને, જે કહેતાં હોય એ! હું મારી પોતાની પત્ની સાથે બે મીઠા બોલ બોલું છું, સમજી! કાંઈ પડોશણ સાથે નહીં!" આ સાંભળી બંને હસવા લાગ્યાં.

હસતાંહસતાં ઈશ્વરલાલ ગંભીર થઈ ગયા.

"શું વિચારો છો? તમે તો હસતાં જ સારા લાગો છો હોં!" આટલું કહેતાં તેમણે બિસ્કિટનો ટુકડો ઈશ્વરલાલનાં મોઢામાં મૂકી દીધો. એ સમયે ઈશ્વરલાલનાં ચહેરા પર થોડી મુસ્કાન આવી પણ ફરી ગંભીર બની ગયા. "હવે કઈ દ્યો, શું વિચારો છો? તમને મારા સમ હોં!" ઈશ્વરીબહેનનાં આ શબ્દો સાંભળીને ઈશ્વરલાલની આંખોમાં પાણી સરી આવ્યાં. એ જોઈ, છલકતી આંખે ઈશ્વરીબહેને તેમની બાજુમાં સરકી તેમનો હાથ હાથમાં લઈ લીધો.

"જાણું છું, શું વિચારો છો! હવે તો હું તમારા મુખની રેખાઓ પણ વાંચી શકું છું. તમે એ જ વિચારો છો ને કે, આપણે બંને આટલો લાંબો જીવન પ્રવાસ સાથે ખેડ્યો છે અને આ પ્રવાસમાં હવે જ્યારે આપણે જીવનનાં છેલ્લા તબક્કામાં,એટલે કે જીવનની સંધ્યાએ પહોંચ્યા છીએ ત્યારે ; જીવનભર પડછાયાની જેમ રહેલા આપણે એકબીજાનો સાથ ક્યારે છોડી દેશું એની આપણને પણ ખબર નથી.

કહેવાય છે ને કે, સૂરજ અસ્તાચળે આવે એટલે પડછાયો પણ આપણો સાથ છોડી જતો રહે છે.

ક્યારે આ સમી સાંજનો પડછાયો સંકેલાઈ જશે અને ક્યારે આપણાં બે માંથી કોઈ એક... પરંતુ મારા વ્હાલા ઈશ્વરજી, જેટલો સમય આપણે બંને એ સાથે વિતાવ્યો છે, એટલું સંભારણું પૂરતું છે, વધેલા શ્વાસો પુરા કરવાં માટે... "આટલું કહેતાં બંનેની આંખોની પાળ તૂટીને અનરાધાર વહેંવાં લાગી...અને હેતથી એકબીજાને ભીંજવતી રહી.

અસ્તુ.
કાજલ શાહ

# પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીને સતત બીજી વખત દેશના ખ્યાતનામ દૈનિક અખબાર ઈન્ડિયન એકસપ્રેસ દ્વારા દેશના ૧૦૦ સૌથી શક્તિશાળી વ્યકિતીઓની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો

## શ્રી સી.આર.પાટીલજીએ મજબૂત સંગઠન શક્તિ, કાર્યકરોને સતત નવુ માર્ગદર્શન આપી પેજ સમિતિના શસ્ત્રથી તમામ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય અપવામાં મહત્વની ભૂમિકા નિભાવી છે



ભારતીય જનતા પાર્ટીના કર્મઠ કાર્યકર તેમજ પેજ સમિતિના પ્રણેતા એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીને સતત બીજી વખત દેશના ખ્યાતનામ દૈનિક અખબાર ઈન્ડિયન એકસપ્રેસ દ્વારા દેશના ૧૦૦ સૌથી શક્તિશાળી વ્યકિતીઓની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી સી.આર.પાટીલજીએ વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ૬ લાખ ૮૯ હજાર થી વધુ મતોથી જંગી સરસાઈ થી જીત મેળવી સૌથી વધુ મતોથી જીતનાર લોકપ્રિય સાંસદ છે. શ્રી સી.આર.પાટીલજી તેમના મત વિસ્તારમાં ખૂબ સક્રિય રહે છે જેના કારણે સતત ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાઇ આવ્યા છે. શ્રી સી.આર.પાટીલજી તેમના મત વિસ્તારમાં મજબૂત સંગઠન શક્તિને કારણે તેઓને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જુલાઇ ૨૦૨૦માં ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપી.શ્રી સી.આર.પાટીલજીએ પ્રદેશ અધ્યક્ષ બન્યા પછી મજબૂત સંગઠન શક્તિથી પાર્ટીના કાર્યકરોમાં નવી દિશા અને ઉર્જાનો સંચાર કર્યો. દેશ અને રાજયના વિકાસમાં નવ યુવાનો તેમજ દેશભાવના વધે તેવા પ્રયાસો કર્યા તેમજ મતદારો પ્રત્યે ડોર ટુ ડોર કાર્યકરો સંપર્કમાં રહે તે પ્રયાસ માટે પેજ સમિતિની રચના કરી જે આજે સમગ્ર દેશમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી જે.પી.નડ્ડાજીએ પણ પેજ સમિતિના કાર્યને બીરદાવ્યું છે અને દેશભરમાં કાર્યરત કરવામાં આવ્યું છે. પ્રદેશ અધ્યક્ષ બન્યા પછી શ્રી સી.આર.પાટીલજીની મજબૂત સંગઠન શક્તિ, કાર્યકરોને સતત નવુ માર્ગદર્શન આપી પેજ સમિતિના સસ્ત્રથી તમામ ચૂંટણી જેવી તે તાલુકા પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકા, વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને વિજય બનાવ્યા છે અને કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા છે જેનો લાભ ગુજરાત વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીમાં પક્ષને ભવ્યથી ભવ્ય જીત થઇ કે જે કોંગ્રેસનો જ રેકોર્ડ તોડી ૧૮૨ માંથી ૧૫૬ બેઠકોમાં ઐતિહાસિક વિજય અપાવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. શ્રી સી.આર.પાટીલ સાહેબે પેજ સમિતિની રચના કરી કાર્યકરો મતાદોરો સુધી સતત જન સપંર્કમાં રહે અને કેન્દ્ર અને રાજય સરકારની દરેક યોજના જરૂરિયાત મંદ વ્યકિતને મળે તેમજ સુપોષણ અભિયાન જેવા જનસેવાકીય કાર્યો કર્યા તેમજ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં યુવાનોને ટીકિટ આપવાનું આહવાહન કર્યુ હતું તેમજ એક વ્યકિત એક હોદ્દો જેવી કાર્યપદ્ધતિ અપનાવી કાર્યકરોને ઉર્જાથી પ્રેરીત કર્યા હતા. શ્રી સી.આર.પાટીલજીએ કાર્યકરોને કાર્ય કરવા પ્રેરિત કરવા તેમજ કાર્યકરોના કામ એક સ્થળ પર થઇ શકે તે માટે રાજયમા શહેર અને જિલ્લામાં કાર્યાલય બનાવવા માટે આહવાહન કર્યુ હતું.

તેમજ વિધાનસભા ચૂંટણી સમયે કાર્યકરોમાં નારાજગી ન રહે અને તેમની સમસ્યા સાંભળવા માટે વન ડે વન ડિસ્ટ્રીકટ કાર્યક્રમ કરી વિધાનસભાની ચૂંટણીમાં તમામ રેકોર્ડ તોડી ભાજપને વિજય અપાવામા મહત્વની ભૂમિકા ભજવી છે.

ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકરો વતી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીને સતત બીજી વખત શક્તિશાળી વ્યકિતીઓની યાદીમાં ૪૬માં નંબરે સમાવેશ થતા અભિનંદન પાઠવ્યા છે.

# વિજાપુરના જેપુરમાં ભાગીદારોએ ૩.૬૫ કરોડ ન આપતાં જેપુરના વેપારીનો આપઘાત

## વિજાપુરના ધનપુરાના અને હાલ અમદાવાદ રહેતા ચાર ભાગીદારો સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધાયો

અમદાવાદ,તા.૩૦

વિજાપુર તાલુકાના જેપુરના વેપારીએ ડેરી પાર્લર અને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના ધંધાની ભાગીદારીમાં લેવાના નીકળતા હિસાબના ૩.૬૫ કરોડ ભાગીદારોએ નહીં આપતાં દવા પી આપઘાત કરી લીધો હતો. વેપારીની સ્યુસાઇડ નોટ આધારે લાડોલ પોલીસે મૂળ ધનપુરા અને હાલ અમદાવાદ ખાતે મુરલીધર ડેરી પાર્લરના નામે વ્યવસાય કરતાં ચાર ભાગીદારો સામે દુષ્પ્રેરણનો ગુનો નોંધ્યો છે.

જેપુરના પટેલ નટવરભાઈ પરસોત્તમદાસ અમદાવાદ ઘાટલોડિયા ખાતે ધનપુરા ગામના અન્ય ચાર ભાગીદારો સાથે ડેરી પાર્લર અને બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનનો ધંધો કરતા હતા. નટવરભાઈએ ઘાટલોડિયામાં મુરલીધર ડેરી પાર્લરથી ધંધાની શરૂઆત કરી, અમદાવાદમાં તેની અન્ય ચાર શાખાઓ પણ ખોલી હતી. કર્ણાવતી ક્લબ પાછળ ઉમા ડેરી પ્રોડક્ટ નામે કારખાનું પણ ચાલુ કર્યું હતું.

જેને છેલ્લા ૧૨ વર્ષથી સતિષભાઈ સંભાળતા હતા. ૨૦૧૪ થી ૨૦૧૭ સુધી સતિષભાઈએ તેનો વહીવટ નટુભાઈને સોંપ્યો, પરંતુ અગાઉના વહીવટનો કોઈ હિસાબ આપ્યો ન હતો. પરિણામે સતિષભાઈએ કરેલા વેપારના બાકી બિલો નટુભાઈએ ચૂકવ્યા હતા. પાછળથી નુકસાન જતાં યુનિટ બંધ થયું હતું. આ સિવાય નટુભાઈએ ઉમા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અમદાવાદની અન્ય બિલ્ડીંગ સાઈડોમાં પણ પટેલ સતિષ કચરાભાઈ સાથે ભાગીદારી કરી હતી.

તેનો મૂડી અને નફો વારંવાર માગણી કર્યા છતાં ન આપતાં નટવરભાઈ પરિવાર સાથે વતન જેપુર રહેવા આવી ગયા હતા અને ભાગીદારો તમે ધંધો છોડીને ઘરે જતા રહ્યા છો તેમ કહી પૈસા આપતા ન હતા. બીજી તરફ, નટુભાઈએ સગાસંબંધી પાસેથી અને લોન લીધેલી હોઈ વ્યવહાર સાચવી ન શકતાં સમાજમાં બદનામી થવાના ડરે ગત ૨૩ માર્ચે ઘરેથી નીકળી ગયા હતા અને મંગળવારે તેમના ઘરની નજીક ખેતરમાંથી દવા પીધેલી હાલતમાં લાશ મળી આવી હતી. જેથી ભત્રીજા મૌલિક પટેલે ચારે ભાગીદારો સામે લાડોલ પોલીસ મથકમાં આપઘાત માટે દુષ્પ્રેરણની ફરિયાદ નોંધાવી છે.

પોલીસને મૃતક નટુભાઈ પટેલના પેન્ટના ખિસ્સામાંથી સ્યુસાઇડ નોટ મળી હતી. જેમાં તા.૨૩-૩-૨૦૨૩ અને નીચે હું જે પગલું ભરું છું તેના માટે જવાબદાર પટેલ સતિષભાઈ કચરાભાઈ, પટેલ વિક્રમભાઈ કચરાભાઈ તથા તેમના બે પુત્રો સંદીપ અને વિશાલ આ લોકોએ મારા સાથે ૨૫ વર્ષના ધંધામાં જોડાયેલ અને મારા હિસાબના નીકળતા પૈસા જે વ્યાજ સાથે સાડા ત્રણ કરોડ થાય છે.

જે મને આપતા નથી. મારી મિલકત જે મેલડી એસ્ટેટ ગોતામાં વેચાણથી આપેલ તેની કિંમત ૧ કરોડ ૨૫ લાખ તેમાંથી મને ૧ કરોડ ૧૦ લાખ આપેલ અને પહોંચ ઉપર મારી સહી પણ કરાવેલ. તેમાંથી પણ મારે ૧૫ લાખ લેવાના બાકી છે એમ કુલ મળી ૩ કરોડ ૬૫ લાખ લેવાના નીકળે છે, જે મુરલીધરના બધા જ ભાગીદારો જાણે છેનો ઉલ્લેખ કર્યો છે. જે ચાર સામે ફરિયાદ નોંધાઇ છે તેમાં ૧. પટેલ સતિષ કચરાભાઈ,૨. પટેલ વિક્રમ કચરાભાઈ,૩. પટેલ સંદીપ વિક્રમભાઈનો સમાવેશ છે

# ઈન્દોરમાં રામનવમી પર મોટી દુર્ઘટના : મંદિરમાં કૂવાની છત તૂટતાં ૧૪નાં મોત, ૧૯ લોકો હોસ્પિટલમાં દાખલ

ઈન્દોર,તા.૩૦

આજે રામનવમીના અવસરે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં એક મોટી દુર્ઘટના ઘટતા બેલેશ્વર મહાદેવ ઝૂલેલાલ મંદિરના કુવાની છત ધસી પડી છે. આ દુર્ઘટનામાં ૩૦થી વધુ વધારે લોકો કૂવામાં ખાબકતાં કાટમાળ નીચે દટાયા હતા. જેમાંથી ૧૪ લોકોના મોત થયા છે. અત્યાર સુધીમાં ૧૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે બાકીના લોકોને બચાવવા માટે રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું છે. વાવમાંથી પાણી કાઢવા માટે મોટર (પંપ) મંગાવવામાં આવ્યા છે.

એમપી સીએમ શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે લોકોને બચાવાના પ્રયાસો થઈ રહ્યાં છે. જે લોકો ફસાયેલા છે તેમને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. બહાર કાઢવામાં આવેલા લોકોને સારવાર માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, તેઓ પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે રામનવમી પર મંદિરમાં હવન થઈ રહ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા પહોંચ્યા હતા. લોકો પૂજા-અર્ચના કરી આરતી કરી રહ્યા હતા. મંદિરમાં એક કૂવો હતો. જેના પર ૧૦ વર્ષ પહેલા છત નાખવામાં આવી હતી. પૂજા દરમિયાન, ૨૦-૨૫ લોકો કૂવાની છત પર ઉભા હતા, જ્યારે છત તૂટી ગઈ હતી. છત તૂટી પડવાને કારણે લગભગ ૨૦-૨૫ લોકો કૂવામાં પડી ગયા હતા. આ કૂવો ૫૦ ફૂટ ઊંડો હોવાનું કહેવાય છે.જિલ્લા પ્રશાસને ઘટનાસ્થળે પહોંચીને બચાવ કાર્ય શરૂ કરી દીધું છે. જોકે, કૂવામાં પાણી છે, જેના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી રહી છે. લોકોને મંદિરની નજીક જવાની મનાઈ ફરમાવવામાં આવી છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે બેલેશ્વર મહાદેવ મંદિરની ઘટનાની નોંધ લીધી છે. શિવરાજ સિંહે ઈન્દોરના કલેક્ટર અને કમિશનરને ફોન કરીને બચાવ કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી છે. મુખ્યમંત્રી કાર્યાલય સતત ઈન્દોર જિલ્લા વહીવટીતંત્રના સંપર્કમાં છે. ઈન્દોરના સાંસદ શંકર લાલવાણીએ કહ્યું કે સંખ્યા વિશે જણાવવું મુશ્કેલ છે. ૭ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. અમારી પ્રાથમિકતા કુવામાં પડેલા લોકોને વહેલી તકે બહાર કાઢવાની છે. રેસ્ક્યુ ટીમ, પોલીસ અને સ્થાનિક લોકો લોકોને બહાર કાઢવામાં વ્યસ્ત છે. જેમને બહાર કાઢવામાં આવ્યા છે તેઓને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે.જણાવવામાં આવી રહ્યું છે કે મંદિર પરિસરમાં બાંધકામ અને ખોદકામ ચાલી રહ્યું છે. મંદિર પરિસરમાં ચાલતા બાંધકામને કારણે કૂવાની દીવાલ નબળી પડી જતાં છત તૂટી જવાથી દુર્ઘટના સર્જાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે.

ગૃહમંત્રી અમિત શાહે આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે લખ્યું છે કે મધ્યપ્રદેશના ઈન્દોરમાં બનેલી ઘટના ખૂબ જ દુઃખદ છે. હું શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. સ્થાનિક પ્રશાસન બચાવ કાર્યમાં લાગેલું છે, એનડીઆરડી પણ ટૂંક સમયમાં ઘટનાસ્થળે પહોંચી રહ્યું છે. ઈજાગ્રસ્તો ઝડપથી સાજા થાય તે માટે હું ભગવાનને પ્રાર્થના કરું છું. પ્રહલાદસિંહ પટેલે જણાવ્યું કે, ઈન્દોરના બેલેશ્વર મહાદેવ ઝુલેલાલ મંદિરમાં હવન દરમિયાન અનેક લોકો કૂવામાં પડી ગયા હોવાની માહિતી મળી છે. સરકારી વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.

એવું કહેવાય છે કે અકસ્માત બાદ ઘણા સમય સુધી ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને ૧૦૮ની ગાડીઓ ત્યાં પહોંચી શકી નહતી. કેટલાક લોકોને જેમતેમ કરીને બહાર કાઢવામાં આવ્યા. અંદર પડનારા લોકોના પરિજનોની હાલત ખરાબ છે. હાલ જો કે ઘટનાસ્થળે પોલીસફોર્સ, અને એમ્બ્યુલન્સ હાજર છે અને રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ છે. અકસ્માત બાદ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ છે. રેસ્ક્યૂ ઓપરેશન કરનારી ટીમો સાથે જ ઘટનાસ્થળે આજુબાજુના લોકોની ભીડ પણ ભેગી થઈ ગઈ છે. પ્રશાસનની ટીમ ઘટનાસ્થળથી દૂર રહેવા અને રાહત-બચાવની ટીમ તથા ગાડીઓને રસ્તો આપવાની અપીલ થઈ રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્વીટ કરીને કહ્યું કે તેઓ ઈન્દોરમાં બનેલી ઘટનાથી ખૂબ જ દુઃખી છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ સાથે વાત કરી અને સ્થિતિ વિશે પૂછપરછ કરી છે. રાજ્ય સરકાર બચાવ અને રાહતકાર્યમાં ઝડપથી આગળ વધી રહી છે.ભાજપના ધારાસભ્ય માલિની ગૌડના પુત્ર એકલવ્યએ ભાસ્કરને જણાવ્યું હતું કે તંત્રએ તેમને પાંચ લોકોનાં મોત થયાની જાણકારી જણાવી છે, જેમાંથી બેની ઓળખ થઈ ગઈ છે.

# કાશ્મીરમાં આતંકીઓના ૩૫૦ 'કોન્ટ્રેક્ટર', સરકારે ૪૦ કોન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કર્યા

## જમ્મુ કાશ્મીર તંત્રે અલગતાવાદી ગતિવિધિ કરતા અને વિદ્યાર્થીઓના મગજમાં ઝેર ઘોળનારા શિક્ષકો સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી.

શ્રીનગર,તા.૩૦

જમ્મુ-કાશ્મીર તંત્રે આતંકવાદીઓને મળતું ભંડોળ રોકવા એક મોટી કાર્યવાહી શરૂ કરી છે. સીઆઈડી રિપોર્ટના આધારે આતંકીઓનું ફન્ડિંગકરતા ૩૫૦ કોન્ટ્રેક્ટરનું કામ રોકી દેવાયું છે, જ્યારે તે પૈકીના ૪૦ કોન્ટ્રેક્ટરને બ્લેક લિસ્ટ કરાયા છે. બ્લેક લિસ્ટ કરાયેલા કોન્ટ્રેક્ટરને હવે કોઈ જ સરકારી કામ નહીં અપાય. જમ્મુ-કાશ્મીર સીઆઈડીના રિપોર્ટ પ્રમાણે સરકારની વિવિધ યોજનામાં કામ કરતા કોન્ટ્રેક્ટરની ગતિવિધિ શંકાસ્પદ લાગતા તેમની પર નજર રખાઈ હતી. એમાં માલૂમ પડ્યું હતું કે, સરકારી કોન્ટ્રેક્ટ મેળવીને અનેકને જંગી કમાણી થતી હતી. કેટલાક કોન્ટ્રેક્ટર અને તેમના સંબંધી તો આતંકીઓ સાથે સંબંધ પણ ધરાવતા હતા. ત્યાર પછી ઊંડી તપાસ કરાતા તેઓ ટેરર ફન્ડિંગ કરતા હોવાનું માલૂમ પડ્યું હતું. આતંકવાદ વિરુદ્ધ કડકાઈ દાખવીને આવા ૩૫૦ કોન્ટ્રાક્ટરનું કામ તાત્કાલિક બંધ કરી દેવાયું છે, જ્યારે ૬૫૦ની તપાસ ચાલુ છે. હવે તેઓ નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મળ્યા પછી જ કામ કરી શકશે. તંત્રએ નવા કોન્ટ્રેક્ટરો માટે પણ સીઆઈડી અને પોલીસનું એનઓસી ફરજિયાત કરી દીધું છે. એનઓસી વિના નવા કોન્ટ્રાક્ટર પણ ટેન્ડરમાં સામેલ નહીં થઈ શકે. કેટલાક કોન્ટ્રેક્ટરે અદાલતના દ્વાર પણ ખટખટાવ્યા છે.

અલગતાવાદીઓ સામે કાર્યવાહીને પગલે તંત્ર દ્વારા કડક પગલાં લેવાઈ રહ્યા છે. રાષ્ટ્રવિરોધી ગતિવિધિમાં સંડોવાયેલા આતંકીઓ અને ભાગલાવાદી સંગઠનોની કરોડો રૂપિયાના મૂલ્યની મિલકતો જપ્ત કરાઈ રહી છે. ગયા વર્ષે તંત્ર દ્વારા સૌથી મોટી કાર્યવાહીના રૂપમાં જમાત-એ-ઈસ્લામીની ઉત્તર અને દક્ષિણ કાશ્મીરમાં આશરે ૩૦ મિલકત જપ્ત કરાઈ હતી.

કોન્ટ્રેક્ટરોનું કામ રોકતા અને કેટલાકને બ્લેક લિસ્ટ કરવાની કાર્યવાહીનો મહેબૂબા મુફ્તીના પક્ષ પીડીપી અને ઉમર અબ્દુલ્લાના પક્ષ નેશનલ કોન્ફરન્સે વિરોધ કર્યો છે. તેમનું કહેવું છે કે, આવી કાર્યવાહીથી કોન્ટ્રાક્ટ પર કામ કરનારા કાશ્મીરીઓ માટે રોજીરોટીનું સંકટ સર્જાશે. આ અંગે કાશ્મીરના ભાજપે હજુ સુધી કોઈ નિવેદન નથી આપ્યું.

દસ મહિના પહેલાં જમ્મુ કાશ્મીર તંત્રે અલગતાવાદી ગતિવિધિ કરતા અને વિદ્યાર્થીઓના મગજમાં ઝેર ઘોળનારા શિક્ષકો સામે કડક કાર્યવાહી શરૂ કરી હતી. તે અંતર્ગત કાશ્મીર યુનિવર્સિટીના કેમિસ્ટ્રીના ચર્ચિત પ્રોફેસર અલ્તાફ હુસૈન અને એક સ્કૂલ શિક્ષક મોહમ્મદ મકબૂલ હાજમને આતંકવાદી વિચારોને પ્રોત્સાહન આપવા તેમજ દેશવિરોધી ગતિવિધિ કરવા બદલ નોકરીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા.

પ્રો. અલ્તાફ પ્રતિબંધિત સંગઠન જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલો હતો અને ૧૯૯૩માં આતંકી તાલીમ લેવા પાકિસ્તાનનો ગેરકાયદે કબજો ધરાવતા કાશ્મીરમાં ગયો હતો.

# યાકુટિયામાં યોજાઈ રેન્ડીયર હર્ડિંગ ચેમ્પિયનશિપ, આર્કિટક અને ફાર ઈસ્ટ દેશના પ્રતિનિધિઓએ ભાગ લીધો

નેર્યુંગરી,તા.૩૦

રિપબ્લિક ઓફ સાખા (યાકુટિયા), શહેર નેર્યુંગરી અને આયંગરા ગામમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય પરંપરાગત રેન્ડીયર હર્ડિંગ ચેમ્પિયનશિપ યોજાઈ હતી. આ કાર્યક્રમમાં આર્ક્ટિક અને ફાર ઈસ્ટના ૧૪ પ્રદેશોના પ્રતિનિધિઓ, ચીન, મંગોલિયા, આઇસલેન્ડ અને ગ્રીનલેન્ડ તેમજ ઉત્તરના સ્વદેશી લોકોના રશિયન એસોસિએશન, કાયદાકીય સત્તાવાળાઓ અને વ્યવસાયો અને વર્લ્ડ રેન્ડીયર હર્ડર્સના સંગઠનના સભ્યોએ હાજરી આપી હતી. આ ચેમ્પિયનશિપ ૨૦૨૧-૨૦૨૩ માં રશિયાની આર્ક્ટિક કાઉન્સિલની અધ્યક્ષતાની ઈવેન્ટના આયોજનના ભાગ રૂપે યોજવામાં આવી હતી, જેનું સંચાલન રોસકોંગ્રેસ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે.

''રેન્ડીયર હર્ડિંગ એ સ્વદેશી લોકોની જીવનશૈલી અને સંસ્કૃતિને જાળવવામાં એક મુખ્ય પરિબળ છે, તેમજ આર્કટિક પ્રદેશોના રહેવાસીઓની ઘણી પેઢીઓ માટેની એક કડી છે. વધુમાં, આ હસ્તકલા સ્થાનિક ઉત્પાદકો માટે ખૂબ જ આર્થિક મહત્વ ધરાવે છે અને તેમને સ્થાનિક ખાદ્ય બજારોમાં સપ્લાયર્સ તરીકે માંગમાં રહેવાની મંજૂરી આપે છે.રશિયામાં, ઉત્તર, સાઇબિરીયા અને દૂર પૂર્વના લગભગ તમામ સ્વદેશી લોકો રેન્ડીયર તરીકે ઓળખાતા પશુનુ પાલન કરે છે. આદિવાસી લોકોના ૫૨,૦૦૦ થી વધુ પરિવારો છે, જેમાંથી ઘણા વિચરતી જીવનશૈલી જીવે છે,'' નિકોલે કોર્ચુનોવ, વરિષ્ઠ આર્કટિક અધિકારીઓના અધ્યક્ષ અને રશિયન વિદેશ મંત્રાલયના આર્ક્ટિક સહકારના એમ્બેસેડર-એટ-લાર્જે જણાવ્યું હતું.

ચેમ્પિયનશિપના સ્પર્ધકોએ સ્લેજ જમ્પિંગ, પુરુષો અને સ્ત્રીઓ વચ્ચે દોરડા કુદવા, સંયુક્ત રિલે રેસ, રેન્ડીયર પકડવા, તેમજ રેન્ડીયર સ્લેજ પર રેસિંગ સહિત વિવિધ પ્રકારની સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત, વ્યવસાયિક આર્ક્ટિક કૌશલ્યોમાં સ્પર્ધાઓ યોજવામાં આવી હતી, જેમ કે શિયાળામાં અગ્નિ પેટાવવી તેના પર માછલીનો સૂપ બનાવવો અને સ્કીન ડ્રેસિંગ કરવું. ખંતી-માનસી ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટની ટીમે, ટીમ ઈવેન્ટ જીતી હતી, જ્યારે યમલ-નેનેટ્સ ઓટોનોમસ ડિસ્ટ્રિક્ટના પ્રતિનિધિઓએ દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, અને રિપબ્લિક ઓફ સખા (યાકુતિયા) ત્રીજા સ્થાને રહ્યું હતું.ચેમ્પિયનશિપના ભાગરૂપે આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ 'સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઓફ રેન્ડીયર હર્ડિંગ અમીડસ્ટ ગ્લોબલ ચેન્જીસ ઈન ધ આર્ક્ટિક (આર્કટિકમાં વૈશ્વિક ફેરફારો વચ્ચે રેન્ડીયર હર્ડિંગનો સ્થાયી વિકાસ)' પણ યોજવામાં આવી હતી. નિષ્ણાતોએ આ ક્ષેત્રમાં રેન્ડીયર પશુપાલન, તાલીમ અને જાહેર-ખાનગી ભાગીદારી વિકસાવવા માટેની વ્યૂહરચનાઓની ચર્ચા કરી. કોન્ફરન્સના પૂર્ણ સત્રમાં સહભાગીઓએ કાયદામાં સુધારાઓ અને રેન્ડીયર પશુપાલન માટે રાજ્ય સમર્થન તેમજ ઔદ્યોગિક કંપનીઓ સાથેના સહયોગની ચર્ચા કરી હતી.

આ ઉપરાંત, કોન્ફરન્સ દરમિયાન એસોસિયેશન ઓફ વર્લ્ડ રેન્ડીયર હર્ડર્સની પૂર્વીય શાખાની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ''એસોસિએશનનું કાર્ય ચાલુ રાખવા માટે, રશિયામાં પૂર્વીય શાખાની સ્થાપના કરવાની જરૂર છે. હું રશિયન ફેડરેશનના ૨૦ પ્રદેશો તેમજ તેમાં પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઇના અને મંગોલિયાનો સમાવેશ કરવાની દરખાસ્ત કરું છું,'' એસોસિએશન ઑફ વર્લ્ડ રેન્ડીયર હર્ડર્સના પ્રમુખ સર્ગેઈ ખાર્યુચીએ જણાવ્યું હતું.

NEWS OF GANDHINAGAR_P-3



રામનવમીની શુભેચ્છા રામાનંદ સાગરની ટીવી સીરિયલ રામાયણમાં મારી વાઇફ દર્શના અતુલ રાવલ (લાલ સાડીમાં) દેવી લક્ષ્મીની ભૂમિકામાં ભગવાન રામ (અરુણ ગોહિલ), હનુમાન (દારા સિંહ) સાથે. ભગવાન રામે સરયૂ નદીમાં જળ સમાધિ લીધી ત્યારનો સીન

# શ્રવણ સુખધામ રામનામ લેખન બેંક દ્વારા રામનવમી પર્વ ની ઉજવણી

## ૩૦૦ થી વધુ રામનામ જાપ ની બુકો નું વિતરણ

અરવલ્લી,

અરવલ્લી સા કાં બામણા પુનાસણ ખાતે આવેલ શ્રવણ સુખધામ સંસ્થા દ્વારા છેલ્લા પાંચ વર્ષથી રામનામ લેખન બેંક ની સ્થાપના કરવામાં આવી છે રામ ઝુંપડી બનાવી રામનામ લેખન બેંક દ્વારા રામનાથ બુકો આપી રામ નામ જાપના મંત્રો નું લેખન કરવામાં આવે છે એ તમામ બુકો સેવાભાવી ધાર્મિક વ્યક્તિઓ લખી રામનામ બેંક માં પરત જમા કરાવે છે આવા રામ નામ જાપ ની બુકો નો એક ઈતિહાસ બનાવવાનો વિચાર નારી રત્ન ઈન્દુ પ્રજાપતિ ને આવતા આ રામનામ જાપ નો યજ્ઞ છેલ્લા પાંચ વર્ષથી અવિરત પણે ચાલી રહ્યો છે ભારત દેશ ધાર્મિક અને સનાતન ધર્મ હિન્દુ ધર્મ ને પ્રાધાન્ય આપી માનનારો દેશ છે ત્યારે મર્યાદા પુરષોત્તમ ભગવાન શ્રી રામ ને યાદ કરી આ કાર્યે ઈન્દુ પ્રજાપતિ કરી રહ્યા છે વધુ જાપ મંત્રો ની બુકો નું લેખન કરનાર ને સંસ્થા દ્વારા શાલ સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવે છે રામ ઝુંપડી એ શ્રી રામ નામ ના પથ્થર ની તરતી શીલાની પ્રતિકૃતિ પણ રાખવામાં આવી છે આવનારસિમય માં રામ ઝુંપડી ભગવાન શ્રી રામ ની પ્રતિમા રાખવાનું વિચારણા ધીન છે ફરતે બનનારા ઉધાન નું નામ શબરી વાટીકા આપવાના વિચારો શ્રીમતી ઈન્દુ પ્રજાપતિ એ વ્યક્ત કર્યો હતાં આમ આજના દિવસે રામ ઝુંપડી એ પાદુકા પૂજન અર્ચન આરતી કરી રામનવમી ના પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી.....

અહેવાલ.... રીપોર્ટ.હિરેન પ્રજાપતિ.. અરવલ્લી.સા.કા.

# વડતાલધામ દ્વિ શતાબ્દી મહોત્સવ અંતર્ગત ચૈત્રી સમયાનો પ્રારંભ

ચૈત્ર સુદ નોમ એટલે મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય દિવસ અને ભગવાન શ્રી સ્વામિનારાયણ નો ૨૪૨ પ્રાગટ્ય ઉત્સવ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના તીર્થધામ વડતાલ ખાતે દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે ચૈત્ર સુદ નોમથી પૂનમ સુધી ભગવાન શ્રી સ્વામિનારાયણ બાંધેલ ચૈત્રી સમૈયાનો પ્રારંભ થયો હતો. અને શ્રી હરિ ના ૨૪૨ માં પ્રાગટ્ય દિન અંતર્ગત સવારે મંગળા આરતી બાદ મંદિરમાં બિરાજમાન દેવોને સવારે ૬:૦૦ થી ૭:૩૦ વાગ્યા સુધી આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા મોટા લાલજી પુ. સૌરભ પ્રસાદજી મહારાજ તથા નાના લાલજી મહારાજ તથા મંદિરના બ્રહ્મચારી હરીસ્વરૂપાનંદજી હસ્તે દેવોને કેસર મિશ્રિત દ્રવ્યોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ પાટોત્સવના યજમાન મેતપુરના પટેલ વસંતભાઇ મંગળદાસ મુખી પરિવાર હતાં. અભિષેક બાદ સવારે ૧૧:૦૦ કલાકે દેવોને પેંડા અને બરફી નો અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. સાથે સાથે ભગવાન




શ્રી હરિ નો ૨૪૨ મો પ્રાગટ્ય દિન હોય રાત્રે ૧૦:૧૦ કલાકે સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ મંદિરોમાં ભજન મંડળીઓની રમઝટ સાથે શ્રી હરિના જન્મદિનની ભારે હર્ષોલ્લસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. રાત્રે જન્મોત્સવની આરતી બાદ સૌ ભક્તોને પંચાજીરીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને કાર્તિકી અને ચૈત્રી સમૈયામા વડતાલ આવવાની આજ્ઞા દીકરી છે. ડો.સંત સ્વામી અને નૌતમ સ્વામીએ વડતાલ અને સંપ્રદાયનો મહિમા કહ્યો હતો . વડાતલ સંસ્થા દેશ વિદેશમાં વિસ્તાર પામી રહી છે તે આ પુણ્યભૂમિનો પ્રતાપ છે. આપણા જીવનનો આ અમૂલ્ય સમય છે જે દેવની ધજા નીચે કથા શ્રવણ કરવાનો અવસર મળી રહ્યો છે.

આ સમૈયામાં પ્રારંભ ભક્તચિંતામણી પરચા પ્રકરણ કથાનું આયોજન કરવામાં આવેલ છે. કથાના વક્તા શાસ્ત્રીનારાયણcharandas (બુધેજવાળા) તથા શાસ્ત્રી માનસપ્રસાદદાસજી સાવદાવાળા કથાનું રસયાન કરાવશે કથા નો સમય સવારે ૮:૩૦ થી ૧૧:૩૦ તથા બપોરે ૩:૩૦ થી ૬:૩૦ રાખવામાં આવેલ છે.

# ભાવનગરમાં વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરતું કોલ સેન્ટર ઝડપાયુ

ભાવનગર,તા.૩૦

ભાવનગરમાંથી વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરતું એક કોલ સેન્ટર ઝડપાયુ છે. કોલેજમાં અભ્યાસ કરતા આરોપીઓને નાની ઉંમરે કરોડપતિ બનવાના ચક્કરમાં અવળા રસ્તે ચઢ્યા હતા. આરોપીઓ અમેરિકન બેંકના કર્મચારી તરીકેની ઓળખણ આપી વિદેશી નાગરીકો સાથે ઠગાઈ કરતા હતા. અમેરિકાના નાગરિકોને લોન મંજૂર થયાનું જણાવી સીબીલ સ્કોર સુધારવાના નામે યુ.એસ ડોલર પડાવવાના ગોરખધંધા કરતા હતા.

પોલીસે ભાવનગરના ત્રણ આરોપીની ધરપકડ કરી છે. જેમના દ્વારા અમેરિકન બેંકના કર્મચારીની ખોટી ઓળખ આપી વિદેશી લોકોને વિશ્વાસમાં લઈ પૈસા પડાવવાના ગોરખ ધંધા ચલાવતા હતા. પોલીસને ઘટનાની જાણ થતા શહેરના તરસમીયા કૈલાશ સોસાયટી વિસ્તારમાં "શક્તિ કૃપા" નામના મકાનમાં રહેતો આરોપી નિકુંજ ચૌહાણને ત્યાં દરોડા પાડ્યા હતા.આરોપી નિકુંજ યુએસએ નાગરિકના લીડ ડેટા કોઈ રીતે મેળવી તેના માણસોને ડેટા આપી એસએમએસ અને ઈમેલ દ્વારા અમેરિકન નાગરિકને લોન મંજૂર થયાનું જણાવતો હતો. મેસેજમાં જણાવતા હતા કે તમારો સિબિલ સ્કોર ખરાબ હોવાથી તેને સુધારવા માટે ગિફ્ટ કાર્ડ તેમજ અન્ય માધ્યમથી પૈસા મેળવી છેતરપિંડી આચરતા હતા.ભાવનગરમાં ૨૦૧૪ બાદ ઈન્ટરનેશનલ કોલ સેન્ટર પકડાયુ છે. જોકે વિદેશી નાગરિકોને છેતરીને નાની ઉમરમાં કરોડપતિ બનવાનું સપનુ હતુ. માટે કોલ સેન્ટરનું નેટવર્ક ગોઠવીને વિદેશી નાગરિકો સાથે ઠગાઈ કરવામાં આવતી હતી. ગઈકાલે પોલીસે રેડ પાડીને નિકુંજ ચૌહાણ, મયુર રાઠોડ અને કુણાલ પરમારની ધરપકડ કરી છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે:સંસદીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ

**તમિલનાડુમા સૌરાષ્ટ્રવાસીઓની વિશ્વની સૌથી મોટી ગણાતી હિજરત કરેલ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો વડાપ્રધાનશ્રી નો અપ્રતિમ પ્રયાસ**

**સૌરાષ્ટ્ર તમિલ સંગમ ના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતા સંકલ્પના ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ તા.૧૭ એપ્રિલથી યોજાશે**

**ગુજરાત વિધાનસભા ખાતે નિયમ ૪૪ હેઠળ સંસદીય મંત્રી શ્રી પટેલે કર્યુ નિવેદન:સૌ સાથી સભ્યો અને નાગરિકોને સહભાગી થવા કરી અપીલ**



સંસદીય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું છે કે, વિશ્વની એક વિરલ ઘટના એટલે કે કોઈ એક ચોક્કસ સમુદાયની વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરત અથવા તો કોઈ એક સમુદાયના સામૂહિક સ્થળાંતરના સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત ના સંકલ્પ ને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે.

ગુજરાત વિધાનસભા ખાતે નિયમ ૪૪ હેઠળ સંસદીય મંત્રી શ્રી પટેલે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા કરાયેલ આયોજન અગે નિવેદન કરતાં કહ્યું હતું કે, આપણા ભારત વર્ષના તામિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતા વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમ જ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી સ્થાયી થયા છે.

ભારત વર્ષના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગજનીએ ૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યુ તે સમયે દરિયાઈ માર્ગે સોમનાથ પ્રભાસ પાટણ વેરાવળ તેમજ આજુબાજુના વિસ્તાર માંથી સામૂહિક સ્વરૂપે વિશાળ સંખ્યામાં ત્યાં વસતા સૌરાષ્ટ્રવાસી સમુદાયે દરિયાઈ માર્ગે હિજરત કરી. એમ કહેવામાં આવે છે કે વિશ્વના ઇતિહાસની અંદર આ એક મોટામાં મોટી હિજરત હતી અને સૌરાષ્ટ્રવાસી સમુદાય તે સમયે ઉત્કૃષ્ટ વણાટ કામ માટે વિશ્વભરમાં ખ્યાતિ પ્રાપ્ત હતો.સાથો સાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઈ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને ભરૂચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગર સામ્રાજ્ય નાં આમંત્રણ થી આશરો લીધો હતો.

તેમણે ઉમેર્યું કે,થોડી સદીઓ સુધી વિજયનગર સામ્રાજ્યમાં આશરો લીધા પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થતા આ સમુદાય પાસે જેમ આપણે જાણીએ છીએ તેમ સાડી વણાટ કામ તેમજ અન્ય હસ્તકલાઓમાં ખૂબ જ કૌશલ્ય પ્રાપ્ત હતું. આ સમુદાયને મદુરાઈના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેઓની આ કલા ને પીછાણી ને તેઓને ખાસ આશરો આપીને રાજ્યાશ્રય આપ્યો હતો.૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે.

મંત્રી શ્રી એ કહ્યું કે,આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો પરંતુ વર્ષ ૨૦૦૫ અને વર્ષ ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ શ્રી તેમજ ઉપકુલપતિ શ્રી તેમ જ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા હતા અને વિધિવત રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય અને તામિલનાડુ ના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ અનેક ક્ષેત્રે આદાન-પ્રદાનના ખૂબ જ સરસ મજાના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

તેમણે કહ્યું કે,૨૦૧૦ની સાલની અંદર તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની ઉપસ્થિતિમાં મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમ નું આયોજન થયું અને તેમાં ૫૦,૦૦૦કરતાં વધારે સૌરાષ્ટ્ર વાસીઓ ઉમટી પડ્યા હતા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ત્યારબાદ પણ વખતોવખત આ સમુદાયને મુલાકાતો આપી અને ગુજરાત સાથે આદાન-પ્રદાનની પ્રવૃત્તિ અર્થે સતત પ્રેરણા આપી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની "એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના ઉમદા હેતુ સાથે દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ સૌરાષ્ટ્ર તમિલ સંગમ ના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મતા સંકલ્પના ને સાકાર કરતા એક શ્રેષ્ઠતમ કાર્યક્રમ ની સંકલ્પના કરી અને આજે એ વાતનો ઉલ્લેખ કરતા ગૌરવ અને રોમાંચની લાગણી થાય છે કે લગભગ ૧૨૦૦વર્ષના સમયગાળા પછી આગામી એપ્રિલ માસની અંદર વિશાળ સ્વરૂપે તામિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાના મૂળ વતન,પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થશે આ એક ખૂબ જ ઐતિહાસિક મહત્વપૂર્ણ ઘટના બની રહેશે ત્યારે વિધાન સભામાં આ કાર્યક્રમની જાહેરાત કરતા તેમણે ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.

તેમણે કહ્યું કે,તા.૨૫મી માર્ચ અને ૨૬મી માર્ચ દરમિયાન આ સમુદાયને પ્રેમપૂર્વક આપણી ગુજરાતની આગવી પરંપરા મુજબ જ્યારે અમે સૌરાષ્ટ્ર તામિલ સંગમ માટે નિમંત્રિત કરવા ગયા ત્યારે તેઓ દ્વારા મળેલ પ્રેમ,લાગણી,હર્ષો ઉલ્લાસ જોવા મળ્યો છે તે અવિસ્મરણીય છે. આવા લાગણી અને પ્રેમ સભર સમુદાય આપણી વચ્ચે ગુજરાતની ધરતી ઉપર આવી રીતે સામૂહિક સ્વરૂપે લગભગ ૧૨૦૦વર્ષના સમય ગાળા પછી આવે છે એ કોઈ નાની-સોની ઘટના નહીં પણ શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની સંપૂર્ણ પરી કલ્પના મુજબની એક ઐતિહાસિક ઘટના છે. તેમનું સ્વપ્ન હતું કે આ પ્રકારનો એક કાર્યક્રમ સોમનાથ ખાતે આયોજિત થાય અને આજે આ સ્વપ્નને મૂર્તિમંત થતું આપણે જોઈ રહ્યા છીએ. એ સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ ઘટના બની રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મંત્રી શ્રી એ ઉમેર્યું કે,૧૨૦૦વર્ષના ગાળા પછી આકાર લઈ રહેલી મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ ના માર્ગદર્શન હેઠળ તા.૧૭મી એપ્રિબથી આયોજિત થઇ રહેલી આ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટનામાં વિધાનસભાના સૌ સાથી સભ્યો અને સૌ ગુજરાતીઓ ને સહભાગી થવા તેમણે અનુરોધ કર્યો હતો.

રાજયના ઉદ્યોગ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂત, પાણીપુરવઠા મંત્રીશ્રી કુવરજીભાઈ બાવળીયા, શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોર,સહકાર રાજયમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા એ તમિલ મહાસંગમ સંદર્ભે તમિલનાડુ સ્થિત ગુજરાતી ઓને આમંત્રિત કરવા માટે યોજાયેલ તામિલનાડુ ના રોડ શો માં મળેલા આવકારને બિરદાવતા કહ્યું કે,વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ ગુજરાતના તમિલ સાથેના ઐતહાસિક જોડાણને જીવંત રાખવા જે પ્રયાસ કર્યો છે એ માટે તમિલ સ્થિત સૌ ગુજરાતીઓ એ વડાપ્રધાન શ્રીનો આભાર વ્યકત કર્યો હતો.

અને તમામ મંત્રીશ્રીઓ એ વિવિધ સમાજો દ્વારા યોજાયેલ અભિવાદન સમારોહમાં મળેલા અદભૂત આવકારને બિરદાવીને સંસ્મણો વાગોળ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની 'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ'ના સમાપન-સત્રમાં ઉપસ્થિતિ

**આપણો દેશ વિશ્વનો સૌથી યુવાન દેશ, યુવાશક્તિના આ ડેમોગ્રાફિક ડિવિડન્ડને સ્કીલફુલ બનાવી ભારતને વિશ્વગુરુ બનાવવાની શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ**

**રાજ્યમાં યુવાનોની તાલીમબદ્ધતા અને વર્લ્ડ ક્લાસ શિક્ષણને વેગ આપવા બજેટમાં શિક્ષણ વિભાગ માટે આ વર્ષે ૪૩,૬૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ**

**ફ્યુચર લર્નિંગના પડકારો અને ઉપાયોનું સામુહિક વિચારમંથન ત્રણ દિવસમાં અનંત નેશનલ યુનિવર્સિટીમાં થયું, તે 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ'**

**ભારતની સૌપ્રથમ ડિઝાઈન એક્સ યુનિવર્સિટી-અનંત નેશનલ યુનિવર્સિટી અને પેન્સિલવેનિયા યુનિવર્સિટીનું સંયુક્ત આયોજન**

**ગુજરાતના ચીફ ઈન્ફર્મેશન કમિશ્નર શ્રી અમૃતભાઈ પટેલ, અનંત નેશનલ યુનિવર્સિટીનાં ડો.અનુનય ચૌબે, પેન્સિલવેનિયા યુનિવર્સિટીના ડો. પીટર એકેલ સહિતના મહાનુભાવોની હાજરી**

'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ'ના સમાપન- સત્ર માં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વના લોકપ્રિય નેતા અને આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં આપણો દેશ અને ગુજરાત વિશ્વના પ્રવાહો સાથે કદમથી કદમ મિલાવીને વિકાસ રાહે દોડતા થયા છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ટેકનોલોજી એટલી ઝડપે બદલાઈ રહી છે કે આજની શોધ આવતીકાલે જૂની થઈ જાય છે.

ફ્યુચર લર્નિંગ કેવું હોય, તેની સામેના પડકારો શું છે, તેના ઉપાયો શું હોય, તેનું સામુહિક વિચારમંથન અનંત નેશનલ યુનિવર્સિટીએ યોજ્યું તેને તેમણે 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવ્યું હતું.

૨૮થી ૩૦ માર્ચ દરમિયાન અનંત યુનિવર્સિટી ખાતે આયોજિત 'ફ્યુચર ઓફ લર્નિંગ: ઈન્ટરનેશનલ ડિઝાઈન કોલેબોરેટિવ માં દેશ-વિદેશના ૩૦ જેટલા ડેલિગેટ્સ સામેલ થયા હતા.

જેમાં શિક્ષણવિદો, વહીવટકર્તાઓ, રોકાણકારો અને ઉદ્યોગ સાહસિકોએ સાથે મળીને મંથન કર્યું હતું.

સંશોધનને સમયની માંગ ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, આજ રોજ નવાં સંશોધનો આવિષ્કારોની ભરમાર આવે છે. જો તેની સાથે ના ચાલીએ તો પાછળ રહી જઈએ અને વિશ્વના પ્રવાહો સામે વામણાં લાગીએ. તેમણે કહ્યું કે, આપણો દેશ વિશ્વનો સૌથી યુવાન દેશ છે અને યુવાશક્તિના આ 'ડેમોગ્રાફિક ડિવિડન્ડ'ને સ્કીલફુલ બનાવી ભારતને વિશ્વગુરુ બનાવવાની વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ છે એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીના વિઝન વિશે જણાવતા તેઓશ્રીએ જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતને શિક્ષણનું મુખ્ય કેન્દ્ર બનાવવાની નેમ છે.

આ નેમ ને આગળ વધારતા ગુજરાત સરકારે બજેટમાં શિક્ષણ વિભાગ માટે આ વર્ષે ૪૩,૬૫૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. જેનાથી રાજ્યમાં યુવાનોની તાલીમબદ્ધતા અને વર્લ્ડ ક્લાસ શિક્ષણના અવસરોને વેગ મળશે.

શ્રી નરેન્દ્રભાઈએ ગુજરાતમાં વર્લ્ડક્લાસ એજ્યુકેશન આપતી અને સેક્ટર-સ્પેસિફિક ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ-યુનિવર્સિટીઝ વિકસાવી છે. નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, મેરિટાઈમ યુનિવર્સિટી તેના ઉદાહરણો છે. એમ તેમણે ઉમેર્યું હતું.

અનંત યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયાના સંયુક્ત ઉપક્રમે થયેલા આયોજનની મુખ્યમંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં આવી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઝ સાથે જોડાણ કરવાની અને ઘરઆંગણે વર્લ્ડક્લાસ એજ્યુકેશનની પરિપાટી આપણે પાડી છે. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાની ડીકેન યુનિવર્સિટી સાથે ગિફ્ટ સિટીમાં કેમ્પસ શરૂ કરવા માટેના એગ્રીમેન્ટ થયા છે એમ તેમણે કહ્યું હતું.

સમાપન સત્રના આરંભે અનંત નેશનલ યુનિવર્સિટીનાં ડૉ.અનુનય ચૌબેએ આ ત્રિદિવસીય ચિંતન શિબિરનો હેતુ સ્પષ્ટ કરવાની સાથે તારણો રજૂ કર્યા હતા. ચર્ચાસત્રો બાદ નીકળેલા તારણો અને સૂચનોનું દસ્તાવેજીકરણ કરીને આગામી દિવસોમાં ંઍઝને સત્તાવાર રિપોર્ટ સોંપવામાં આવશે.

આ વેળાએ અમેરિકા, કેનેડા, સ્પેન, ઓસ્ટ્રેલિયા, કઝાકિસ્તાન, ઈરાક, કતાર, મોરેશિયસ વગેરે દેશોમાંથી પધારેલા મહેમાનો ઉપરાંત હડપ્પા એજ્યુકેશન,ૈંસ્ અમદાવાદ જેવી શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત સામાજિક સંસ્થાઓ અને દ્બર્ઇના પ્રતિનિધિઓ તેમજ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢમાં અંધશ્રદ્ધાની આગ, પિતાએ ૧૩ વર્ષની દીકરીને આગ પર ચાલવા કરી મજબૂર,સાત લોકો સામે ફરિયાદ

જૂનાગઢ,તા.૩૦

જુનાગઢના કેશોદથી અંધશ્રદ્ધાની હચમચાવી દેનારી ઘટના સામે આવી છે. વધુ એક દીકરીને અંધશ્રદ્ધાની આગમાં સગા બાપ દ્વારા ધકેલવામાં આવી છે. કેશોદમાં પોતાની જ ૧૩ વર્ષની માસુમ દીકરીને સગી પિતાએ મેલી વિદ્યા હોવાનુ કહી યાતનાઓ આપી. ૧૩ વર્ષની દીકરીને આગ પર ચાલવા મજબુર કરી.

તારામાં મેલી વિદ્યા છે એવક્ષ કહી દીકરીના હાથને આગમાં હોમ્યા હતા. સમગ્ર ઘટનામાં પિતા, ફઈ, કાકા સહિત અન્ય પરિવારજનોની મિલિભગત હોવાનુ સામે આવ્યુ છે. દીકરીને આગમાંથી બચાવવા જ્યારે માતા અને મોટી દીકરી વચ્ચે પડી તો અંધશ્રદ્ધામાં અંધ બનેલા તેના પિતાએ બંનેને ઢોર માર માર્યો. આગમાં ધકેલાયેલી ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલી કિશોરીને જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

માનવતાને શર્મનાક કરતી આ ઘટનાના ઘેરા પડઘા પડ્યા છે. દીકરીના માતાના જણાવ્યા તેઓ છેલ્લા સાત વર્ષથી રિસામણે છે પરંતુ દીકરીઓના તેમના પિતા સાથે સારા સંબંધ હતા. આથી કુટુંબનો હવન હોવાથી ત્યાં ગયા હતા. છેલ્લા બે દિવસથી દીકરીઓને રાત્રે ડાકલા વગાડી કલાકો સુધી ધુણાવતા હતા. જેમા એક દીકરી ન ધુણતા તેનામાં મેલીવિદ્યા છે. તારા સતના પારખા કરવા પડશે એવુ કહી સગા પિતાએ દીકરીને આગ પર ચલાવી હતી અને તેના હાથ પણ આગમાં હોમ્યા હતા. જેમા કિશોરીને હાથમાં અને પગમાં ગંભીર ઈજા પહોંચી છે.

ભોગ બનનાર કિશોરીએ રડતા રડતા_દ્બ૯ સમક્ષ જણાવ્યુ કે તેના પિતા તેની સાથે આવુ કરશે તેની ક્યારેય કલ્પના પણ ન હતી. તેને છેલ્લા બે દિવસમાં અંધશ્રદ્ધામાં અંધ બનેલા પિતાએ માનસિક રીતે પણ ખૂબ ટોર્ચર કરી હોવાનુ જણાવે છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4